જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૧૬-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

૨૨મી એપ્રિલ સુધી જવાબ આપવા માટે રાહુલને આદેશ

ચોકીદાર ચોર હૈના નિવેદન ઉપર રાહુલ ફસાયા : સુપ્રીમની નોટિસ

નવા દસ્તાવેજના આધાર પર રાફેલ ડિલ ઉપર ફેરવિચારણા અરજી સ્વીકાર કરવામાં આવ્યા બાદ રાહુલે કઠોર પ્રતિક્રિયા આપી હતી : કાયદાકીય સકંજામાં

નવી દિલ્હી

સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર રાફેલ ડીલ પર ફેરવિચારણા અરજી સ્વીકાર કરવાના સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આ ચુકાદાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દોષિત છે તે રીતે રજૂ કરવા બદલ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી હવે મૂશ્કેલીમાં મુકાઇ ગયા છે. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને નોટીસ ફટકારીને ૨૨મી એપ્રિલ સુધી જવાબ આપવા માટે આદેશ કર્યો છે. રાહુલ ગાંધીની સામે સુપ્રીમ કોર્ટના નિવેદનને ખોટી રીતે રજૂ કરવા બદલ કેસ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ ઉશ્કેરણીજનક નિવેદન કરીને વિવાદ છેડ્યો હતો. ભાજપના નેતા મિનાક્ષી લેખીએ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની સામે અપરાધિક કેસ દાખલ કરાવી દીધો હતો. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, કોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરી ન હતી. રાહુલ ગાંધી ઉપર સુપ્રીમ કોર્ટના નિવેદનને ખોટીરીતે રજૂ કરવાનો આક્ષેપ છે. કોર્ટે કહ્યું હતું કે, અમે આ સ્પષ્ટ કરીએછીએ કે, રાહુલ ગાંધીએ આ કોર્ટના નામનો ઉલ્લેખ કરીને રાફેલ સોદાના સંદર્ભમાં મિડિયા અને પ્રજાને જે કંઇપણ કહ્યું હતું તેને ખોટીરીતે રજૂ કરવામાં આવ્યું હતું. અમે સ્પષ્ટ કરીએ છીએ કે, રાફેલ મામલામાં દસ્તાવેજોનો સ્વીકાર કરવા માટે તેમની કાયદેસરતા પર સુનાવણી કરતી વેળા આ પ્રકારની ટિપ્પણી કરવાનો સમય ક્યારે પણ આવ્યો ન હતો. લેખી તરફથી રજૂ થયેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષે ટિપ્પણી કરી હતી કે, હવે સુપ્રીમ કોર્ટે પણ કહી દીધું છે કે, ચોકીદાર ચોર છે. અત્રે નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે હાલમાં સરકારના વાંધાઓને ફગાવી દઇને રાફેલ મામલે રિવ્યુ પિટિશન પર નવા દસ્તાવેજોના આધાર પર સુનાવણી કરવાનો નિર્ણય કર્યો હતો.સુપ્રીમ કોર્ટે રાફેલના મામલામાં ૧૦મી એપ્રિલના દિવસે સુનાવણી કરતી વેળા કેન્દ્ર સરકારને મોટો ફટકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે રાફેલ મામલામાં રિવ્યુ પિટિશન ઉપર નવેસરના દસ્તાવેજોના આધાર પર સુનાવણી કરવાનો ફેંસલો કર્યો હતો.સીજેઆઈ રંજન ગોગોઈના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેંચ દ્વારા સર્વસંમતિથી આ અંગેનો નિર્ણય કર્યો હતો. બેંચે કહ્યું હતુ કે, જે નવા દસ્તાવેજો ડોમેનમાં આવ્યા છે તેના આધાર પર મામલામાં રિવ્યુ પિટિશન ઉપર સુનાવણી કરવામાં આવશે. બેંચમાં સીજેઆઈ ઉપરાંત જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ કેએમ જોસેફ પણ હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા હવે રિવ્યુ પિટિશન ઉપર સુનાવણી માટે નવેસરની તારીખ નક્કી કરાશે. રાફેલ મામલામાં સુપ્રીમ કોર્ટને એ બાબત નક્કી કરવાની હતી કે, આની સાથે સંબંધિત ડિફેન્સના જે દસ્તાવેજો લીક થયા હતા તે આધાર પર રિવ્યુ પિટિશનની સુનાવણી કરવામાં આવશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં લીક દસ્તાવેજના આધાર પર રિવ્યુ પિટિશન પર સુનાવણીનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, આ દસ્તાવેજ વિશેષાધિકારવાળા ગુપ્ત દસ્તાવેજ છે જેથી રિવ્યુ પિટિશન ફગાવી દેવામાં આવે તે જરૂરી છે. સરકારે એમ પણ કહ્યું હતું કે, જે દસ્તાવેજ પ્રશાંત ભૂષણે રિવ્યુ પિટિશનની સાથે રજૂ કર્યા છે તે વિશેષાધિકારવાળા દસ્તાવેજ અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા ગુપ્ત દસ્તાવેજ છે. રાફેલ ડિલમાં પોતાના ચુકાદા પર ફેરવિચારણા કરવાની માંગ કરતી અરજીઓ ઉપર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે છેલ્લે ૧૪મી માર્ચના દિવસે લીક દસ્તાવેજો ઉપર કેન્દ્રના વિશેષાધિકારના દાવા પર આદેશ અનામત રાખી દીધો હતો.

ઋષભ પંતની જગ્યાએ દિનેશ કાર્તિકને વધારે પ્રાધાન્ય મળ્યું

વર્લ્ડકપ ૨૦૧૯ : ભારતીય ક્રિકેટ ટીમમાં કાર્તિક, વિજયને તક મળી

ટીમમાં વિજય શંકર અને કેએલ રાહુલનો સમાવેશ : અંબાતી રાયડુને પડતો મુકાયો : ભારતીય ટીમ પાંચમી જૂનના દિને આફ્રિકા વિરૂદ્ધ પ્રથમ મેચ રમશે

મુંબઇ

૩૦મી મેથી ઇંગ્લેન્ડ અને વેલ્સમાં શરૂ થઇ રહેલા વર્લ્ડકપ માટે આજે ટીમ ઇન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. ટીમમાં ધારણા પ્રમાણે જ ઋષભ પંતને સામેલ કરવામાં આવ્યો નથી. ઋષભ પંતની જગ્યાએ ટીમમાં બીજા વિકેટકીપર તરીકે દિનેશ કાર્તિકને સામેલ કરવામાં આવ્યો છે.

બીસીસીઆઈની પસંદગી સમિતિની બેઠક આજે મુંબઈમાં યોજાઈ હતી જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતીય ટીમમાં કેએલ રાહુલ, દિનેશ કાર્તિક અને વિજય શંકરને સામેલ કરવામાં આવ્યા છે જ્યારે અંબાતી રાયડુને સામેલ કરવામાં આવ્યો નથી.

ટીમના કેપ્ટન તરીકેની જવાબદારી વિરાટ કોહલી પાસે છે જ્યારે વાઇસ કેપ્ટન તરીકેની જવાબદારી રોહિત શર્માને સોંપવામાં આવી છે. ભારતીય ટીમમાં કોઈ વધારે ફેરફાર કરવામાં આવ્યા નથી. ૧૫ ખેલાડીઓ પૈકી ૧૩ ખેલાડીઓના નામ પહેલાથી જ નક્કી દેખાઈ રહ્યા હતા.

ટીમમાં બે સ્થાનોને લઈને મુખ્ય સ્પર્ધા ચાલી રહી હતી. નંબર ચાર પર અંબાતી રાયડુ અને વિજય શંકર વચ્ચે સીધી સ્પર્ધા હતી જેમાં વિજય શંકરે બાજી મારી લીધી છે. પાકિસ્તાન સામે પણ ભારતીય ટીમની મેચ રમાનાર છે. ભારતીય ટીમ નીચે મુજબ છે.

ભારતીય ટીમ : વિરાટ કોહલી (કેપ્ટન), રોહિત શર્મા, શિખર ધવન, કેએલ રાહુલ, વિજય શંકર, ધોની, કેદાર જાધવ, દિનેશ કાર્તિક, યુજવેન્દ્ર, કુલદીપ, ભુવનેશ્વર, જસપ્રિત બુમરાહ, રવિન્દ્ર જાડેજા અને મોહમ્મદ સામીનો સમાવેશ થાય છે.

ચીન સાથેની સરહદ ઉપર ઝડપી કનેક્ટીવિટીને લઇ કામગીરી શરૂ

નવી દિલ્હી

ભારતીય સેનાના ટોચના અધિકારી ચીન સાથે જોડાયેલી સરહદ પર દરેક સિઝન મુજબ કનેક્ટિવિટીના સમયસર વિકાસ કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો છ. આ પ્રક્રિયા હેઠળ માર્ગો, સુરંગ અને ભૂમિગત શેલ્ટર્સ બનાવવામાં આવી રહ્યા છે. જેના કારણે સૈનિકો અને લોજિસ્ટિકની ઝડપથી અવરજવર થઇ શકે છે. સાથ સાથે યુદ્ધ સામગ્રી પણ પણ ઝડપથી પહોંચી શકે છે. જેમાં મિસાઈલો અને અન્ય હથિયારોનો સમાવેશ થાય છે. સુત્રોના કહેવા મુજબ જનરલ બિપિન રાવતના નેતૃત્વમાં ક સપ્તાહ સુધી ચાલેલી કમાન્ડર્સ પરિષદમાં કેટલીક બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ચીન સાથેની સરહદ પર તમામ પ્રક્રિયાને ઝડપથી પૂર્ણ કરવા માટે ઇચ્છુક છે. ચીન સાથે જોડાયેલી ઉત્તરીય સરહદ પર આધારભુત સરરચનાના વિકાસમાં તેજી લાવવાની જરૂરીયાત દેખાઈ રહી છે. સુત્રો કહ્યુ છે ક છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થિતીમાં સુધારો થયો છે પરંતુ હજુ ઘણા કામ કરવાના બાકી રહ્યા છે. ચીન સાથે જોડાયેલી સરહદ પર મુળભુત માળખામાં સુધારા કરવામાં આવી રહ્યા છ. આ બાબતને પ્રાથમિકતા આપવાની જરૂર છે. આર્મી જનરલોની વચ્ચે દરક હવામાનમાં કામ કરી શકે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવી દેવાની જરૂર છે. ભારત દ્વારા ધીમે ધીમે એલએસી પર પોતાની સૈન્ય તાકાતને વધારી દેવા પર ધ્યાન આપી રહ્યુ છે.


યોગીને ૭૨ તેમજ માયાને ૪૮ કલાક પ્રચાર નહીં કરવા હુકમ

નવી દિલ્હી

લોકસભા ચૂંટણી માટે રાજકીય ઘમસાણની સ્થિતિ વચ્ચે ભાજપના ઉમેદવાર જયાપ્રદાની સામે અશ્લિલ ટિપ્પણી કરવાને લઈને સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાનની મુશ્કેલી વધી રહી છે. આઝમ ખાનની સામે આ નિવેદનને લઈને કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે. બીજી બાજુ રાષ્ટ્રીય મહિલા પંચે કઠોર વલણ અપનાવીને કારમદર્શક નોટિસ આપી છે. કોંગ્રેસ પાર્ટીએ પણ આઝમ ખાનની સામે ચૂંટણી પંચ અને સપાના અધ્યક્ષ અખિલેશ યાદવ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. કોંગ્રેસે પણ આઝમ ખાનની આપત્તિજનક ટિપ્પણીની નિંદા કરીને અખિલેશ અને આઝમ સામે કાર્યવાહીની માંગ કરી છે.









સમતા અને સમરસતા, રાષ્ટ્રવાદ, માટે સ્થિર અને નિર્ણાયક સરકાર માટે આપનો એક મત અમુલ્ય છેઃ વિનોદ ચાવડા



ઉભરી રહેલી આધુનિક યુવા પેઢી તેમજ ભવિષ્યની પેઢીના સપના સાકાર કરવા એક સાનુકૂળ વાતાવરણ ઊભું થાય તેવા સંકલ્પ સાથે ''સ્વરાજય જ મારૂ ધ્યેય છે'' એક હકારાત્મક વૈચારિક જાગરણ રૂપી આંદોલન કર્તા ભારતના સવિધાનના રચયિતા દેશના સપૂતશ્રી ડો. બાબા સાહેબ આંબેડકરજીના ૧૨૮ જન્મજયંતિ પ્રસંગે ગાંધીધામ સ્થિત પ્રતિમાને પુષ્પાંજલિ આપી આજના પવિત્ર રામ નવમી ત્યોહાર નિમિતે આયોજિત શોભા યાત્રામાં વિનોદભાઇ સહભાગી બન્યા હતા.

લોક સભા ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ જણાવ્યુ હતું કે, રાષ્ટ્રની એકતાના આધારે શ્રેષ્ઠતા તરફ જવાની યાત્રા છે. આજે સમરસતાના ઉદઘોષક અને હાજરો વર્ષ થી પીડિત-તિરષ્કૃત અનુસુચિત જાતિના અતિ પછાત લોકોના ઉધારક શ્રી બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ અને રામ રાજય આદર્શ યુગ પ્રવકતા મર્યાદા પુરષોતમ રામની આજે પ્રાદુભાવનો પવિત્ર દિવસ આપણે સૌ એ ઉજવ્યો છે.

શોભા યાત્રા પછી ભાજપની રેલી દુકાને દુકાને અને વચ્ચે આવતા રહેણાક સ્થાને લોક સંપર્ક કર્યો હતો. અને વિનોદ ચાવડાએ મોદીના દિવ્ય અને દૈદીપ્યમાન ભારતના સ્વપ્નને આપણે સૌ એ સાકાર કરવાનો છે.પંજાબ પ્રાતિય સાથી મિત્રો તથા ધ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત લઈ ભાજપની નીતિ-રીતિ વિષે વિસ્તૃત વિચાર વિમર્શ કર્યા. જયારે ગાંધીધામ ધારાસભ્ય માલતિબેન મહેશ્વરીએ જણાવ્યુ હતું કે,ભાજપનો કાર્યકરએ પાર્ટીની અસ્મિતા છે. માત્ર રાજકીય નહી પરંતુ સામાજિક કાર્યકર છે. ભાજપા સાંસ્કુતિક રાષ્ટ્રવાદ ને વરેલો છે. મૂલ્ય આધારિત રાજનીત કરતા આ પક્ષનો કોઈ પણ કાર્યકર હમેશા લોક પ્રશ્નો મુરકેલીઓમાં આપ સાથે છે. તેવો હું વિશ્વાસ અપાવું છું. આપણો એક મત બંધારણનું રક્ષણ અને લોક તાંત્રિક મૂલ્યોની રક્ષા-ભારતની એકતા-અખંડતા માટે અમૂલ્ય છે.તેમ માલતિબેન મહેશ્વરીએ જણાવ્યુ હતું.

આ પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન ગાંધીધામ ધારાસભ્ય માલતિબેન મહેશ્વરી, મોમાયાભા ગઢવી, બળવંત ઠક્કર, મધુકાંત શાહ, સુરેશ શાહ, વિજયસિંહ જાડેજા, કુલદીપસિંહ ઝાલા,દિવ્યાબા જાડેજા, કૈલાસબેન ભટ્ટ, નારી પારિયાણી,પુનિત દૂધરેજીયા, ગેલા ભરવાડ, કમલ શર્મા, ગોવિંદ નિઝાર, અર્જુન થારૂ, ડો. સુરેશ નાયક,ભરત મીરાણી, હિરેન ઠક્કર,ભરત પ્રજાપતિ, વિજય પરમાર, મહેશ ગઢવી, અમિત ભટ્ટ, ગુલ બેલાણી, તારાચંદ ચંદનાની, મનોજ મુલચંદાની, દિનેશ લાલવાણી, ઉષાબેન મીઠવાણી, વંદનાબેન ધુઆ, નીલમબેન લાલવાણી, ધનસુખ મીરાણી, હરિભા ગઢવી તથા ભાજપ કાર્યકરો, પદાધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

અંજાર ખાતે થયેલ રૂ.૨,૧૮,૦૦૦/- ની ચોરી ડીટેક્ટ કરતી ગાંધીધામ એલ.સી.બી.



ભુજ કચ્છઃ પરીક્ષિતા રાઠોડ SP પૂર્વ કચ્છ, ગાંધીધામ નાઓ તરફથી મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા સૂચના મળેલ હોય પીઆઈ ડી.બી.પરમારના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી પૂર્વ કચ્છની ટીમ આવા ગુનાઓ શોધી કાઢવા પ્રયત્ન શીલ હતી.

તે દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે અંજાર પો.સ્ટે.i ગુ.ર.ન ૮૩/૧૯ ipc કલમ ૩૭૯ ના કામે ચોરી કરનાર આરોપી બેન હંસાબેન વિક્રમભાઈ કુંવરિયા (રહે.ગોંડલ)વાળી આ ગુનામાં સંડોવાયેલ છે.આથી મજકુરને શોધી કાઢી પૂછપરછ કરતા ગુનો કર્યાની કબૂલાત આપતા તેમજ મજકુર પાસેથી ગુનામાં ગયેલ મુદ્દામાલ માલ પૈકી વિવો કમ્પનીનો મોબાઈલ ફોન કી.રૂ. ૫૦૦૦/- નો મળી આવતા કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ માટે અંજાર પો.સ્ટે.ને સોંપેલ છે. આ કામગીરીમાં એમ.એસ. રાણા એલ.સી.બી. પીએસઆઈ, એ.પી.જાડેજા પીએસઆઈ તથા એલ.સી.બી. સ્ટાફનાં પ્રહલાદસિંહ ચુડાસમા, પુષ્પરાજસિંહ જાડેજા, બલભદ્રસિંહ જાડેજા, લક્ષમણભાઈ આહીર, દેવરાજભાઈ આહીર, નરશીભાઈ રબારી, રાજેન્દ્રભાઈ પરમાર, મહેન્દ્રસિંહ જાડેજા, પ્રવીણભાઈ પલાસ એમ બધા જોડાયેલ હતા.

અંજાર-ગાંધીધામ વિસ્તારમાં ભાજપાના ઉમેદવાર વિનોદ ચાવડાનો લોક સંપર્ક



ભુજ કચ્છઃ પ્રચંડ ઈચ્છા શક્તિ સાથે સબબ નેતૃત્વ ધરાવતા દીર્ઘદ્રષ્ટા વિકાસ પુરૂષ નરેન્દ્રભાઈ મોદીને શાસન ધુરા સોપવાના અને દેશભરના લોકોના વિચારો સાથે સંમત થઈ ભાજપાને વિજયી બનાવવાની અપીલ કરતાં ભાજપ લોકસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ જણાવ્યુ હતું કે, છેલ્લા પાંચ વર્ષોમાં ભાજપના શાસનમાં કચ્છને ધ્યાનસ્થ રાખી કેન્દ્ર સરકાર અને નરેન્દ્રભાઈ મોદીએ ઘણી લાભદાયક યોજનાઓનો લાભ આપ્યો છે. સરકારની વિવિધ યોજના અંતર્ગત ૪ અબજ જેટલી રકમના લાભો લાભાર્થીઓને મળ્યા છે. ગરીબ-મધ્યમવર્ગ, વિકાસ વંચિત લાભાર્થીઓને પારદર્શી રીતે લાભો આપવામાં આવેલ છે. ગાંધીધામ મધ્યે આંજણા પટેલ સમુદાય અને લોહાણા સમુદાયના આગેવાનો સાથે બેઠક કરી હતી. આદિપુર અને અંજારમાં ચુટણી કાર્યાલયોના ઉદ્ઘાટન અને અંજારમાં સાંજે રામનવમી નિમિતે આયોજિત રવાડીમાં દર્શનનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં રાજયમંત્રી અને અંજારના ધારાસભ્ય વાસણભાઈ આહીર અને ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી ગાંધીધામ અંજારના ભાજપના પદાધિકારીઓ, કાર્યકરો-શુભેચ્છકો સાથે રહ્યા હતા.

હળવદ : વરીયાળીના ભાવ ૧૩૦૦થી ઘટી સીધા ૯૦૦, ખેડૂતોનો ચક્કાજામ



હળવદ માર્કેટિંગ યાર્ડ ખાતે ખેડૂતો દ્વારા વરિયાળીના પુરતા ભાવ ના મળતા ચક્કાજામ કર્યા એક કિલોમીટર સુધી લાંબી લાઈન લાગી, અંદાજિત ૧૨૦૦૦ બોરી બોરીની આવક

મોડલ સ્ટેટ ગુજરાતમાં ખેડૂતોની કેવી દયનીય સ્થિતિ છે તેના અનેક ઉદાહરણો જોવા મળતા હોય છે પાક્વીમાં સહિતના મુદે ખેડૂતો અવારનવાર રોડ પર ઉતરી આવતા હોય છે તેમજ કૃષિ જણસના ભાવો ના મળતા જગતનો તાત દુખી બન્યો છે આજે હળવદ યાર્ડમાં વરીયાળીના ભાવો અચાનક ઘટી જતા એક હજારથી વધુ ખેડૂતો ખેડૂતોએ ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો હતો.

હળવદ માર્કેટિંગ યાર્ડમાં હાલ વરીયાળીની ખરીદી કરવામાં આવી રહી છે જેમાં ગત સપ્તાહના અંતે ૧૩૦૦ રૂ ખરીદીનો ભાવ હતો જોકે આજે સવારે માર્કેટિંગ યાર્ડ ખાતે ખેડૂતો વરીયાળી લઈને પહોંચ્યા ત્યારે ભાવ ૧૩૦૦ ને બદલે ૯૦૦ રૂ જ હોવાનું માલૂમ પડતા ખેડૂત મુશ્કેલીમાં મુકાયો હતો અને કૃષિ જણસનો પૂરો ભાવ ના મળે તો ખેડૂત દેવાદાર બની જાય જેથી ખેડૂતોમાં રોષ ફાટી નીકળ્યો હતો હળવદ હાઈવે પર આવેલા માર્કેટિંગ યાર્ડ નજીક ખેડૂતોએ વાહનો રોકી ચક્કાજામ કર્યો હતો અને વિરોધ નોંધાવ્યો હતો.

હળવદ ધાંગધ્રા ચોસઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં હળવદ ખાતે ચૂંટણી કાર્યાલય ખુલ્લી મુકાઈ



કોંગ્રેસના ઉમેદવાર દિનેશભાઈ પટેલે તથા અન્ય આગેવાનોની ઉપસ્થિતમાં હળવદમાં ચુંટણી કાયાલેયનો કર્યો પ્રારંભ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સહિત પાલીકાના સભ્યો અને કાર્યકરો બહોળી સંખ્યામાં રહ્યા હાજરઃ દિનેશભાઈને જંગી લીડથી જીતાડવા કર્યુ આહવાન

હળવદ-ધ્રાંગધ્રા ૬૪ વિધાનસભાની પેટા ચૂંટણીના બ્યુંગલ ફુંકાઈ ગયા છે ત્યારે હળવદ ખાતે આજરોજ કોંગ્રેસ પક્ષના ઉમેદવારની અધ્યક્ષસ્થાને ચૂંટણી કાર્યાલયનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં હળવદ કોંગ્રેસ સમિતિના હોદેદારો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

હળવદ - ધ્રાંગધ્રાની ખાલી પડેલ વિધાનસભાની પેટા ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે આજરોજ હળવદ ડો બાબા સાહેબ આંબેડકર સર્કલ પાસે ચુંટણી કાયાલેય નો વિધિવત રીતે પ્રારંભ કરવામાં આવ્યો હતો,જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસી અગ્રણીઓ તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા. આ તકે દિનેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં આયાતી ઉમેદવાર હોવા છતાં પણ કોંગ્રેસના કાર્યકરો દ્વારા જંગી લીડથી જીતાડી ધારાસભ્ય બનાવ્યા હતા. પરંતુ પોતાના અગંત સ્વાર્થ સાધવા કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું દઈ ભાજપમાં જાડાઈ જઈ હળવદ - ધ્રાંગધ્રાની પેટા ચુંટણીમાં ભાજપ પક્ષ તરફથી ઉમેદવાર બન્યા છે. પરંતુ હળવદ - ધ્રાંગધ્રાની પ્રજા સાથે સાબરીયાએ જે દ્રોહ કર્યો છે તે જનતા સાંખી નહી લે અને ૨૩ એપ્રિલના રોજ જનતા પોતાની તાકાત બતાવી દેશે તેમ કોંગ્રેસના ઉમેદવારે જણાવ્યું હતું. આ તકે સનતભાઈ ડાભી, હળવદ તાલુકાના કોંગ્રેસ પ્રમુખ જયંતિભાઈ પટેલ, હળવદ શહેર કોંગ્રેસ પ્રમુખ શૈલેષભાઈ દવે મોરબી જિલ્લા કોંગ્રેસ મહામંત્રી ભીખાભાઈ પટેલ, મોરબી જિલ્લા પંચાયત સદસ્ય મનસુખભાઈ પટેલ, ડોક્ટર અનિલ પટેલ હેમાંશુ મહેતા, વાસુદેવભાઈ પટેલ, યુથ કોંગ્રેસ પ્રમુખ અનિરૂધ્ધસિંહ ખેર, દિનેશભાઈ મકવાણા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના તેમજ પાલીકાના સદસ્યો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. દિનેશભાઈ પટેલ કોંગ્રેસના ઉમેદવાર સહિત કોંગ્રેસના કાર્યકરો દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની જન્મ જયંતી નિમિત્તે પ્રતિમાને ફુલહાર પુષ્પની માળા અર્પણ કરી હતી.

થેલેસેમીકસ ગુજરાત અને નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ – મહુવા (બલ્ડબેંક) દ્વારા

મહુવામા થેલેસેમિયા માર્ગદર્શન અને તેના દિવ્યાંગ સર્ટીફીકેટ રજીસ્ટ્રેશન કેમ્પ





આજ રોજ થેલેસેમીકસ ગુજરાત અને નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ – મહુવા (બલ્ડબેંક) દ્વારા મહુવામા થેલેસેમિયા માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમા થેલેસેમિયા રોગ ધરાવતા બાળકોને થેલેસેમિયાની માહીતી આપવામાં આવી હતી. તથા તેને મળતાં લાભોની માહીતી આપવામાં આવી હતી. અને તેના દિવ્યાંગ સર્ટીફીકેટની અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની તમામ માહીતી ડૉ .રવી ધાનાણી સાહેબ (રાજકોટ) દ્વારા આપવામાં આવેલ. થેલેસેમિયા રોગ ધરાવતા તમામ બાળકોને વોર્ટર બેગ ની ભેટ પણ આપવામાં આવી હતી. આ કેમ્પમાં ડૉ. હરી જે પમનાણી સાહેબ (બાળરોગ નિષ્ણાત), હનીફભાઈ કાલવાતર (પ્રોજેકટ મેનેજર આગાખાન સંસ્થા રાજુલા), કમલેશભાઈ શાહ (નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ – મહુવા બલ્ડબેંક – મહુવા) તથા નરેન્દ્રભાઈ મકવાણા (સામાજિક કાર્યકર) સાગરભાઈ ગોહિલ અને મેહુલભાઈ મકવાણા કેમ્પમાં જોડાય ને કેમ્પને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર કેમ્પનું આયોજન નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ – મહુવા (બલ્ડબેંક – મહુવા) દ્વારા કરવામાં આવ્યું હતું.

રાણપુરના ધારપીપળા ગામે સગીરવયની બાળકી ઉપર ત્રણ નરાધમોએ બળાત્કાર ગુજાર્યો

સગીરવયની બાળકી ઉપર બળાત્કાર ગુજારનાર ત્રણ નરાધમો પૈકી બે ઝડપાયા જ્યારે એક ફરાર

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામે ત્રણ નરાધમોએ સગીરવયની બાળકી ઉપર બળાત્કાર ગુજારતા સમગ્ર રાણપુર પંથકમાં ચકચાર મચી ગયેલ છે.

આ બાબતે પોલીસ સુત્રો પાસેથી મળતી માહીતી મુજબ રાણપુર તાલુકાના ધારપીપળા ગામના જયંતી(ઉર્ફે-કુકો) વિનુભાઈ ધરજીયા તથા રણછોડ(ઉર્ફે-રસો)હમીરભાઈ જતાપરા તથા પીન્ટુ શાંતિભાઈ મેર આ ત્રણેય નરાધમોએ સગીરવયની બાળકી ઉપર અવાર-નવાર અલગ-અલગ જગ્યાએ લઈ જઈ બળાત્કાર ગુજારેલ અને બાળકીને ધમકી આપેલ કે જો કોઈને આ વાત કરી તો તને અને તારા ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

જ્યારે બાળકીના પિતા એ રણછોડ(ઉર્ફે-રસો) હમીરભાઈ જતાપરા ને ઠપકો આપવા જતા બાળકીના પિતાને લોખંડના પાઈપ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ આ બાબતની ફરીયાદ બાળકીના પિતાએ રાણપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસ દ્વારા જયંતીભાઈ (ઉર્ફે-કુકો) વિનુભાઈ ધરજીયા ઉ.૨૧ અને રણછોડ(ઉર્ફે-રસો)હમીરભાઈ જતાપરા ઉ.૩૩ આ બન્ને નરાધમ ને ઝડપી જેલના સળીયા પાછળ ધકેલી દીધા છે જ્યારે પીન્ટુ શાંતિભાઈ મેર ફરાર થઈ જતા પોલીસે પીન્ટુને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.વધુ આગળની તપાસ ઈન્ચાર્જ સી.પી.આઈ. બોટાદ પી.બી.ગઢવી કરી રહ્યા છે.



ચૈત્ર મહિનામાં સૂર્યદેવતા સોળે કળાએ ખીલી ઉઠતા સુરતમાં કાળઝાળ ગરમી પડતા તાપી માનતો પારો ૪૦ ડિગ્રી પાર કરી ગયો છે ત્યારે ગરમીમાં ભારે રાહત દાયક શક્કર ટેટીનું ઠેક-ઠેકાણે વેચાણ થઈ રહ્યું છે. ફેરિયા પાસેથી મહિલા શક્કર ટેટી ખરીદતી હોવાનું તસવીરમાં નજરે પડે છે.

સુરક્ષા દળોમાં કારકિર્દી ઘડતર સંદર્ભે વિદ્યાર્થીઓને માર્ગદર્શન

ધો. ૧૨ પછી નેશનલ ડીફેન્સી એકેડમીમાં પ્રવેશ મળી શકે

સુરત

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા‘કેરીયર ગાઈડન્સ મહોત્સવ’નું આયોજન કરવામાં આવ્યુ હતુ. મહોત્સવના અગ્યારમા અને અંતિમ દિવસે સુશ્રી સ્નેહાબેન જરીવાલાએ વિદેશમાં ભણતરની સાથે કારકિર્દી ઘડતરની તકો વિશે, જીવનભારતી સ્કૂલ અહેડના શ્રી હેતલબેન ગજજર અને શ્રી રાહુલ પટેલે ‘વિદેશમાં ચાલતા વિવિધ કોર્સ’ વિશે તથા કુમારી મિત્સુ ચાવડાએ સશસ્ત્ર દળો જેવા કે આર્મી, નેવી, એરફોર્સ અને પેરા મિલીટરીમાં કારકિર્દી ઘડતર વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

સુશ્રી સ્નેહાબેન જરીવાલાએ જણાવ્યુ હતુ કે, ધોરણ ૧૨ બાદવિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે જાય એટલે તેઓને સારી યુનિવર્સિટી ચોકકસ મળે છે. પણ વિદેશમાં ભણતર મોંઘુ હોવાથી વાલીઓને લોન લઈને તેમના બાળકોને વિદેશ ભણવા માટે મોકલવાનું હોય છે. વિદેશમાંમેડીકલ, કોમર્સ, આર્ટ્સ, એન્જીનિયરીંગ અને લો ફિલ્ડમાં ભણતર માટે જઈ શકાય છે અને ત્યાં કારકિર્દી પણ બનાવી શકાય છે.મેડીકલ માટે યુએસએ, કેનેડા અને જર્મની, કોમ્પ્યુટર એન્જીનિયરીંગ માટે યુએસએ, જાપાન, ઓસ્ટ્રેલિયા,કેનેડા અને આયર્લેન્ડ, કોમર્સ માટે કેનેડા, સિંગાપોર, યુએસએ, આર્ટ્સ માટે યુએસએ અનેકેનેડા તથા લોના વિદ્યાર્થીઓ માટે યુએસએ અને કેનેડા સારા દેશો હોવાનું તેમણે વધુમાં જણાવ્યુ હતુ.

જીવનભારતી સ્કૂલ અહેડના સુશ્રી હેતલબેન ગજજરે જણાવ્યુ હતુ કે, વિદેશમાં ભણવા માટે જવાનું હોય ત્યારે ઘણી બધી બાબતોનું વાલીઓ અને વિદ્યાર્થીઓએ કાળજી રાખવાની હોય છે. જર્મનીમાં જર્મન ભાષામાં ભણાવવામાં આવે છે. આથી જર્મનીમાં જર્મન ભાષામાં એમબીબીએસ કર્યા બાદ ભારતમાં અંગ્રેજીમાં પ્રેકટીસ કરવાનું મુશ્કેલ થાય છે.તેમણે વાલીઓ અને વિદ્યાર્થીઓને કન્ટ્રી ચેલેન્જીસ વિશે માહિતી આપી હતી.

જીવનભારતી સ્કૂલ અહેડના શ્રી રાહુલ પટેલે વિદ્યાર્થીઓને વિદેશમાં યુનિવર્સિટી સિલેકશન માટે સેફટી, લીટરસી પર્સન્ટેજ, ડેવલપમેન્ટ ઈન મેડીકલ ફિલ્ડ, પોલીટીકલ સ્ટેબીલિટી અને ભારતીયો પ્રત્યે ત્યાંના સ્થાનિકોનો વ્યવહાર ખૂબ જ મહત્વનો હોય છે. પાંચ - છ વર્ષની ફી એકસાથે પણ નહી ભરવાવિદ્યાર્થીઓને સલાહ આપી હતી.આથી વિદેશમાં ભણવા જતી વખતે ખૂબ જ કાળખી રાખવાની હોય છે.

કુમારી મિત્સુ ચાવડાએ જણાવ્યુહતુકેવિદ્યાર્થીઓ એરફોર્સ અને નેવીમાં મેડીકલ, એન્જીનિયરીગ વિગેરે ફિલ્ડમાં કારકિર્દી બનાવી શકે છે. જયારે વિદ્યાર્થીનીઓ આર્મીમાં મેડીકલ, એન્જીનિયરીગ વિગેરે ફિલ્ડમાં કારકિર્દી બનાવી શકે છે. ૨૮ જેટલા દેશો સાથેફોરેન અસાઈનમેન્ટ ચાલતા હોવાથી એરફોર્સ અને નેવીમાં વિદ્યાર્થીઓને ફોરેનમાં જવાનો મોકો મળે છે.ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓ નેશનલ ડિફેન્સ એકેડમીમાં પ્રવેશ મેળવીને આર્મી, નેવી અને એરફોર્સમાં ઓફિસર માટેનો અભ્યાસ કરીને ઉચ્ચ હો ઉપર નોકરી મેળવી સારી કારકિર્દી બનાવી શકે છે.

દુકાનદારે કિશોરની આંખમાં સ્ક્રૂડ્રાઈવર ભોંકી દેતા અરેરાટી વ્યાપી

સુરત

સુરત શહેરમાં પાંડેસરા વિસ્તારમાં ૧૬ વર્ષનો યુવક રિપેર કરાવેલો પંખો બરાબર ચાલતો ન હોવાની ફરિયાદ દુકાનદારને કરવા માટે ગયો હતો. ત્યારે દુકાનદાર એકદમ ગુસ્સે થઈ ગયો હતો અને કિશોરની આંખની નજીક દુકાનદારે સ્ક્રુ ડ્રાઈવર ઘુસાડી દીધુ હતું. ઈજાગ્રસ્ત કિશોરને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને જોઈ ડોક્ટરો પણ ચોકી ગયા હતા. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં રોષ છવાઈ ગયો હતો અને આખી ઘટનાની જાણ પોલીસને કરી હતી.

નોંધનીય છે કે દુકાનદારનું નામ ગૌતમ છે અને તે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેમની સામે હત્યા, જમીન પચાવી પાડવી અને આરટીઆઈ કરી બ્લેક મેઈલ કરવાનાં પણ આરોપ છે. ઈજાગ્રસ્ત કિશોર મૂળ ઓરિસ્સાનો રહેવાશી છે. હાલમાં તે પાંડેસરા હાઉંસીંગમાં રહે છે. હાલમાં પાંડેસરા પોલીસે દુકાનદાર સહિત બે લોકોની ધરપકડ કરી છે.



ઉનાળાના બળબળતા તાપમાં ઝાડ પરના સુકા પાંદડા ખરી પડતા હોય છે નવી સિવિલ હોસ્પિટલમાં મનોચિકિત્સક વિભાગ બહાર મહાકાય વૃક્ષાના ખરી પડેલા સુકા પાંદડાની આ તસવીર છે.

ડેલીઓન એન્ડ કલેર દ્વારા ૨૦ વોટની એલઈડી ટ્યુબલાઈટ લોન્ચ

સુરત

ગુજરાતની ૧૫ વર્ષ જૂની કંપની ક્રિશ એલઈડીએ એની નવી બ્રાન્ડ ડેલીઓન એન્ડ ક્લેર જે કોમર્શિયલ અને હોમ પ્રોડક્ટ માટે જાણીતી છે. ક્રિશ એલઈડી દ્વારા ડેલીઓન એન્ડ ક્લેરની ઉર્જા બચતવાળી એલઈડી ટ્યુબલાઈટ લોન્ચ કરવામાં આવી છે. આ નવી એલઈડી ટ્યુબલાઈટના લોન્ચ સાથે ગુજરાતભરના વપરાશકારો માટે રજૂ કરવામાં આવી છે. જેમાં ડેલીઓન એન્ડ ક્લેરની નવી એલઈડી ટ્યુબલાઈટ રૂ. ૧૯૯માં ૨૦ વોટની મળશે અને સાથે ૬૦ ટકા ઉર્જા બચત કરશે. આ ઓફર અમદાવાદમાં ૨૨ તારીખે રજૂ કરાઈ હતી. આ જ ઓફર દક્ષિણ ગુજરાતના મુખ્ય મથક સુરત ખાતે ૧૬ એપ્રિલે એક દિવસ માટે રજૂ થનાર છે. સુરત ખાતે રેણુકાભવન ગુંસાઈજી ચોકની બાજુમાં, પુણા –બોમ્બે માર્કેટ રોડ પર આવેલ સાગર ઈલેકટ્રીકમાં, કતારગામની ઓમ ઈલેકટ્રીક, વરાછા રોડ પર આવેલ શાયોના ફેન હાઉસમાં, ચોક બજારના મેઈન રોડ પર આવેલ બ્રિજલી ઘર ખાતે ઉપલબ્ધ છે. ક્રિશ એલઈડી અત્યાર સુધીમાં ગવર્મેન્ટમાં રેલવે, જીએમડીસી, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિક સિટી કોર્પો. લી. અને પ્રાઈવેટ સેક્ટરમાં ટાટા, એસ્સાર અને નિરમા યુનિ.માં સપ્લાય કરવામાં આવી છે.



અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ દ્વારા સુભાષ ચોક ગોપીપુરા ખાતે આજથી આગામી બે માસ સુધી ગરમીના દિવસોમાં રાહદારીઓ માટે મફત છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

આંગડિયા પેઢીના શટર બંધ થતા હીરા ઉદ્યોગને અસર

સુરત

હીરાઉદ્યોગ આંગડિયા પેઢી પર નભનારો ધંધો છે. બંને એક સિક્કાની બે બાજુ છે. જોકે લોકસભાની ચૂંટણી આવતાની સાથે જ બંનેને કરોડો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. દરોડા દરમિયાન આંગડિયા પેઢી દ્વારા પાર્સલના મૂળ માલિકને ફોન કરી સંપક કરવામા આવે છે ત્યારે તેઓ ત્યાં જતા નથી, જેને કારણે આંગડિયા પેઢીઓએ સહન કરવાનો વારો આવી રહ્યો છે. ખોટી કનડગતના ડરથી શહેરની ૭૦ પૈકીની મોટાભાગની આંગડિયા પેઢીઓએ તેમના શટર પાડી દીધા છે. જેઓએ કુરિયર સર્વિસ તથા પેમેન્ટ વ્યવહારો અટકાવી દીધા છે. એક અંદાજ મુજબ કરોડોના વ્યવહાર ખોરવાયા છે. આંગડિયા પેઢી સંચાલકો દ્વારા કામકાજ બંધ રાખવા સાથે કર્મચારીઓને રજા આપી દીધી છે. ચૂંટણી સુધી કામગીરી બંધ રાખવાના અણસાર આપ્યા છે.

આંગડિયા પેઢીના શટર બંધ પડી જવાથી સીધી અસર સુરત ડાયમંડ એસોસિયેશન પર પહોંચી છે. જેને કારણે તાત્કાલિક આગંડિયા પેઢીના માલિકો સાથે એક મીટિંગનું આયોજન હાથ ધર્યુ હતુ. મીટિંગના બંને પક્ષો દ્વારા વાટાઘાટો થઈ હતી. જેમા ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ બાબુભાઈ ગુજરાતી દ્વારા આંગડિયા પેઢીના માલિકોને આશ્વાસન આપવામા આવ્યું હતું કે, પોતે ચૂંટણી કમિશનર અને કલેક્ટર સાથે આ અંગે વાતચીત કરશે અને ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે.

બારડોલી બેઠક પર મહિલાઓ દ્વારા સંચાલિત ૩૫ સખી મતદાન કેન્દ્રો બનશે

વ્યારા

આગામી તા. ૨૩મીએ યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયામાં મહિલાઓની સક્રિય ભાગીદારી રહે તે હેતુ ભારતીય ચૂંટણી આયોગ દ્વારા ‘‘જેન્ડર ઈકવીલીટી’’ માટેની પ્રતિબદ્ધતા જાળવી રાખવા માટે મહિલાઓ દ્વારા સંચાલિત મતદાન મથક ‘‘સખી’’ ઉભું કરવાની સૂચના આપવામાંઆવી છે. જે અન્વયે ૨૩-બારડોલી સંસદીય બેઠકમાં સમાવિષ્ઠ સાત વિધાનસભા વિસ્તારમાં પ્રત્યેક વિધાનસભા દીઠ પાંચ મુજબ ૩૫ સખી મતદાન મથકો નિશ્ચિત કરવામાં આવ્યા હોવાનું ચૂંટણી અધિકારી અને કલેકટર આર.એસ.નિનામા દ્વારા જણાવાયુંછે. આ અંગેવિગતવાર માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, ભારતીય ચૂંટણી પંચની સૂચનાનુસાર બારડોલી બેઠકમાં ઉભા કરાયેલા ૩૫ સખી મતદાન મથકોમાંપ્રિસાઈડીંગ ઓફિસરથી લઈને તમામ સુરક્ષાકર્મીઓ સહિત મહિલાઓની નિયુક્તિ કરવામાં આવી છે.

બેઠકમાં સમાવિષ્ઠ સાત વિધાનસભા વિસ્તારમાં ૧૫૬-માંગરોળ વિધાનસભા મતવિસ્તારમાં માંગરોળ-૧, મોસાલી-૨, આંબાવાડી-૧, આંબાવાડી-૨ અને ઝીનોરા, ૧૫૭-માંડવી વિધાનસભા મતવિસ્તારમાં ખેડપુરા, માંડવી-૨, માંડવી-૮, માંડવી-૧૩, વરજાખણ-૧, ૧૫૮-કામરેજ વિધાનસભા વિસ્તારમાં કામરેજ-૨, વેલંજા-૩, નવાગામ-૫, સીમડી, મગોબ-૧, ૧૬૯-બારડોલી વિધાનસભા વિસ્તારમાં સાંકરી, ઉતારા, પથરાડિયા, પલસાણા-૧, પલસાણા-૨, ૧૭૦-મહુવા વિધાનસભા મતવિસ્તારમાં કનાઈ, દેલવાડા-૨, મહુવા-૩, નલધરા-૨, અને કાછલ, ૧૭૧-વ્યારા વિધાનસભા મતવિસ્તારમાં વ્યારા-૩, વ્યારા-૧૪, વ્યારા-૧૯, વ્યારા-૨૧ અને વ્યારા-૩૨, ૧૭૨-નિઝર વિધાનસભા મતવિસ્તારમાં આસ્ટા તર્ફે, નિઝર-૨, ઉચ્છલ-૨, સોનગઢ-૨૧ અને ચાપલધરા મહિલા સંચાલિત સખી મતદાન મથકો નકકી કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત સાતે સાત વિધાનસભા મતવિસ્તાર માં ૧ એમ સાત દિવ્યાંગ મતદાન મથકો ઉભા કરવામાં આવનાર છે. ૧૫૬-માંગરોળ વિધાનસ ભા વિસ્તારમાં મોસાલી-૧, ૧૫૮-માંડવી વિધાનસભા મતવિસ્તારમાંમાંડવી-૭, ૧૫૮-કામરેજ વિધાનસભા મતવિસ્તારમાં સણિાહેમાદ-૧, ૧૬૯-બારડોલી વિધાનસભા મતવિસ્તારમાં બારડોલી-૧૮, ૧૭૦-મહુવા વિધાનસભા મતવિસ્તારમાંવાલોડ-૬, ૧૭૧-વ્યારા વિધાનસભા મતવિસ્તારમાં વ્યારા-૨૨ અને ૧૭૨-નિઝર વિધાનસભા મતવિસ્તાર માં સોનગઢ-૧૦ દિવ્યાંગ મતદાન મથક તરીકે નિર્ધારિત કરવામાં આવ્યા હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી તરફથી જણાવાયું છે.

ધી સુરત સિટી એડવોકેટ્સ એસો. દ્વારા ‘લીગલ કોન્ફરન્સ’ યોજાઈ

કાયદામાં આવેલા નવા સુધારા અંગે માર્ગદર્શન અપાયું

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સુરત સિટી એડવોટ્સ એસોસિએશનના સંયુકત ઉપકમે આજરોજ સવારે ૧૦:૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પ્લેટીનમ હોલમાં‘લીગલ કોન્ફરન્સ’નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સેકન્ડ એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તથા સુરતની એસીબી કોર્ટના સ્પેશિયલ જજ શ્રી પી.એસ.ગઢવી ઉપસ્થિત રહયા હતા. કોન્ફરન્સમાંગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટ્સશ્રી યતિન ઓઝાએ ‘‘ઈકોનોમિક ઓફેન્સિસ’’ અનેશ્રી ધવલ દવેએ ‘‘સ્પેસિફીકરિલીફ એકટ તથા કોન્ટ્રાકટ એકટ’’વિષય ઉપર વકતવ્ય રજૂ કરી કાયદામાં આવેલા નવા સુધારા વિશે વકીલ આલમ તેમજ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉદ્યોગપતિઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

આમંત્રિત મહેમાનો તેમજ નિષ્ણાત વકતાઓના હસ્તે દીપ પ્રાગટયવિધી સાથે કોન્ફરન્સની શરૂઆત કરવામાં આવી હતી. કોન્ફરન્સમાં સિનીયર એડવોકેટ કિર્તીભાઈ બનાવટવાલા અને સરકારી વકીલ શ્રી નયનભાઈ સુખડવાલા પણ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, દેશના ઘડતર માટે વકીલો અને જજના ફાળા વિશે બધા જાણીએ છીએ. ન્યાયના મંદિરના પુજારી ન્યાય કરતા હોય છે. આથી વકીલ આલમ અને ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા દરેકના નોલેજ માટે આજની લીગલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટશ્રી યતિન ઓઝાએ જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રની ઈકોનોમી હચમચી જાય છે તથા સામાન્ય માણસને આડકતરી રીતે ભયંકર અસર થાય છે જેવી કે લોકોની રોજબરોજની જિંદગી પર અને તેમના બાળકોના શિ૧ાણ પર ભયંકર અસર પડે છે એને ઈકોનોમી ઓફેન્સ કહેવાય છે. પરંતુ હવે એમાં ફેરફારો થયા છે. ટેા, કસ્ટમ્સ, સાયબર ક્રાઈમ, સ્ટોક માર્કેટ, ઈન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી અને મની લોન્ડરીંગ વિગેરે બાબતોનો એમાં સમાવેશકરવામાં આવ્યો છે. બેન્કીંગ ફ્રોડ પહેલાંથી જ ચાલતા આવ્યા છે. કંપની ફ્રોડ કરે છે, સંચાલક વિદેશજઈઆરામથી રહે છે પણ બેંક અધિકારીને કશું થતું નથી. આથી આવા કેસોમાં બંને બાજુથી જવાબદારી ફિકસ થવી જોઈએ. કારણ કે બેંકીગ ફોર્ડે દેશની કરોડરજજુ તોડી નાંખી છે.તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે વકીલ આલમ તથા ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના લોકો માટે વર્ષ ૨૦૧૬માં ઈન્સોલ્વન્સી અને બેંકરપ્સીનો સારો કાયદો આવ્યો છે. જેમાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલને સત્તા આપવામાં આવી છે.

ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટશ્રી ધવલ દવેએ જણાવ્યુ હતુ કેસ્પેસિફીક રિલીફ એકટ તથા કોન્ટ્રાકટ એકટ એકબીજાને સાથે લઈને ચાલવાવાળા કાયદા છે. સોલીસીટર માટે કોન્ટ્રાકટ એકટ મહત્વનો છે. પણ એનો ભંગ કેવી રીતે થાય તેનું નોલેજ વકીલને હોવું જોઈએ. માત્ર કોન્ટ્રાકટ એકટનું નોલેજ હોવુ પુરતુ નથી. આ બંને કાયદામાં ૧ ઓકટોબર ૨૦૧૮થી મહત્વનો સુધારો આવ્યો છે. આથી તેમણે એના અર્થઘટન વિશે માહિતી આપી હતી. પહેલા એવુ હતુ કે પર્ફોમન્સ વળતર ઉપરાંત વૈકલ્પીક રીતે વળતર મળતુ હતુ. પણ સુધારા મુજબ સેકશન ૨૧ મુજબ વૈકલ્પીક રીતે વળતરની માંગણી કરી શકાતી નથી. આથી હવે બંને પ્રકારમાંથી એક દાવો કરી શકાશે. હવે કોઈ દાવો કરે તો કોર્ટે કાયદાકીય તમામ જોગવાઈઓને ધ્યાનમાં રાખીને નિર્ણય કરવાનો રહેશે. તેમણે કહયુ હતુ કે સેકશન ૧૦માં સામૂહિક બદલાવ આવ્યો છે. સુધારા મુજબ સ્પેસિફીક રિલીફ મેન્ડેટરી થઈ જાય છે. વધુમાં તેમણે સેકશન ૫૧, ૫૨ અને ૫૩ની પણસમજણ આપી હતી.



તા.૧૪ એપ્રિલ એટલે અગ્નિશમન દિવસ : આગ અવરોધત દિનની ઉજવણી ગઈકાલે સુરત મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ દ્વારા કરવામાં આવી હતી. ફરજ દરમિયાન શહીદ થયેલા ફાયર બ્રિગેડના જવાનોના માનમાં ચોપાટી ખાતેના સ્મારક પર સલામી અર્પણ કરતા ફાયર બ્રિગેડના જવાનો તસ્વીરમાં નજરે પડે છે.

તંત્રી સ્થાનેથી...

નક્સલી નેટવર્ક મજબુત

બિહાર, છત્તિસગઢ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં નક્સલવાદી ગતિવિધીને રોકવા માટે લેવામાં આવેલા અસરકારક પગલાની અસર ચોક્કસપણે દેખાઈ રહી છે પરંતુ હજુ પણ નક્સલી જાળ મોટા પાયે ફેલાયેલી છે. જેને દુર કરવા માટે મજબુત રાજકીય ઈચ્છાશક્તિથી હજુ જરૂર દેખાઈ રહી છે. માઓવાદી, બળવાખોરો અને નક્સલી વારંવાર હુમલા કરીને પોતાની હાજરી સાબિત કરે છે. હકીકતમાં નક્સલવાદીઓએ પણ દેશના એક મોટા હિસ્સામાં પોતાનુ નેટવર્ક જમાવી લીધુ છે. જે પશુપતિ નેપાળથી તિરુપતિ (આંધ્રપ્રદેશ) સુધી જાય છે. આ સમગ્ર ક્ષેત્રમાં માઓવાદી નેટવર્ક ફેલાયેલુ છે. નેપાળ,થી જારખંડ, બિહાર, ઓરિસ્સા, છત્તિસગઢ, મહારાષ્ટ્ર, તેલંગાણા અને આંધ્રપ્રદેશના એક મોટા વિસ્તારમાં હવે માઓવાદી અથવા તો નક્સલવાદીઓ સક્રિય થઈ ગયા છે. આ તમામ વિસ્તાર ખુબ જ ઉપયોગી વન્ય અને ખનિજ ચીજ વસ્તુઓથી ભરેલા છે. એક સામાન્ય અંદાજ મુજબ નક્સલવાદીઓનુ વાર્ષિક બજેટ આશરે ચાર હજાર કરોડ રૂપિયાનુ છે. આ જંગી નાણાં મારફતે નક્સલવાદીઓ મોટા પાયે નવા હથિયારોની ખરીદી કરે છે. વિસ્ફોટકોની ખરીદી કરી છે. આ તમામ ઘાતક હથિયારોની સાથે તે પોતાના સંગઠનનુ વિસ્તરણ કરે છે. સરકારી ગુપ્તચર તંત્રની તુલનામાં તેમનુ નેટવર્ક વધારે મજબુત હોવાની વિગત પહેલા પણ સપાટી પર આવી ચુકી છે. નક્સલવાદીઓની હિંસાની સામે તંત્ર નિસહાય દેખાય છે. હવે તેમની સંગઠિત હિંસા રાજ્યો માટે મોટી સમસ્યા બની ચુકી છે. જો કે નક્સલવાદીઓ હવે કોઈ એક રાજ્ય સુધી મર્યાદિત રહ્યા નથી. દેશના અન્ય કેટલાક ભાગોમાં પણ તેના નેટવર્કને તેઓ ફેલાવી ચુક્યા છે. નક્સલવાદીઓને કાયદો અને વ્યવસ્થાની સાથે જોડાયેલી વ્યવસ્થામાં કોઈ રસ નથી. નક્સલવાદીઓની સમસ્યાને માત્ર કાયદો અને વ્યવસ્થાની સ્થિતી તરીકે ગણવાની બાબત યોગ્ય નથી. આ ત્રાસવાદી હિંસાને પ્રોત્સાહન આપવાની સાથે સાથે દેશની સામાજિક સમરસતા, રાજકીય સ્થાયિત્વ, આર્થિક મજબુતી અને એકતા, અખંડતાની સામે ખતરા તરીકે હવે નક્સલવાદીઓ ઉભરીને સપાટી પર આવ્યા છે.દેશના જુદા જુદા રાજ્યોમાં સક્રિય નક્સલવાદીઓની કમર તોડી નાંખવા માટેના પ્રયાસ છેલ્લા કેટલાક દશકથી કરવામાં આવી રહ્યા હોવા છતાં તેમાં પુરતી સફળતા મળી નથી. માઓવાદી અથવા તો નક્સલવાદી સમસ્યાનો ઉકેલ કઈ રીતે આવે તે બાબત હમેંશા ચર્ચામાં રહી છે. જાણકાર લોકો માને છે કે નક્સવાદીઓ સામે બેવડી નિતી અપનાવીને લાભ વધારે લઈ શકાય છે. એકબાજુ તેમની સામે આક્રમક નીતિ અને બીજી બાજુ તેમને મુખ્યપ્રવાહમાં લાવવાના પ્રયાસ પણ થવા જોઈએ. હાલના આવા પ્રયાસને વધારે ઝડપી કરવાની પણ જરૂરી છે. માઓવાદીઓ તરફથી ખુની હિંસાનો દોર જારી રહ્યો છે. ઉત્તિસગઢમાં થોડાક સમય પહેલા બારુગી સુરંગ વિસ્ફોટ મારફતે માઓવાદીઓએ સનસનાટી મચાવી દીધી હતી. માઓવાદીઓએ તેમની તાકાત પુરવાર કરી હતી. હાલના હુમલાઓથી ફરી એકવાર સાબિતી મળે છે કે નક્સલવાદઓમાં કોઈ પણ ભય નથી. સાથે સાથે આ બાબત પણ સાબિત થઈ ગઈ છે કે નક્સલવાદઓ પોતાના પ્રભાવવાળા વિસ્તારોમાં જ્યારે ઈચ્છા થાય ત્યારે મોટા હુમલાને અંજામ આપી શકે છે.

નક્સલી ગતિવિધી ખતમ કરવાના પ્રયાસ જારી હોવા છતાં સંપૂર્ણ સફળતા મળી નથી

એકાએક વિરોધ કેમ થાય

આખરે જે પ્રક્રિયા મારફતે દેશમાં છેલ્લી કેટલીક ચૂંટણી થઈ ચુકી છે તેના પર આંગળી ઉઠાવવાની માંગ કેટલી વાજબી છે ? જો વિપક્ષને ઈવીએમ પર વિશ્વાસ ન હતો તો ચૂંટણી પ્રક્રિયા પહેલા વિરોધ કરવાની શરૂઆત કેમ કરી ન હતી. તે પહેલા વિરોધ કેમ કરી રહ્યા ન હતા. અચાનક વિરોધ કરવાની શરૂઆત કેમ કરવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયાનો બહિષ્કાર કરવાની વાત કરીને એ વખતે પણ વિરોધ કરવાની જરૂર હતી. અથવા તો જ્યારે સુપ્રીમ કોર્ટે ફેંસલો પાંચ કેન્દ્રો માટે આપ્યો ત્યારે પણ ફેરવિચારણા અરજી કરી શકાઈ હોત. દિલ્હી, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિગઢમાં વિધાનસભાની ચૂંટણી બાદ હવે વિપક્ષ દ્વારા હોબાળો કેમ શરૂ કરવામાં આવ્યો છે. એ વખતે વિરોધ પક્ષોએ વાંધાઓ કેમ ઉઠાવ્યા ન હતા. ચૂંટણી પ્રક્રિયા શરૂ થતા પહેલા ચૂંટણી નિષ્ણાંતો પાસેથી કેમ પહેલા ઈવીએમમાં ખામીને લઈને ચકાસણી કરાવી ન હતી. ભારત જેવા વિશાળ દેશ અને વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશમાં ચૂંટણી કરવા માટે અત્યાધુનિક ટેકનોલોજીની સાથે સાથે ખર્ચ પર ધ્યાન આપવાની જરૂર છે. મોટા પાયે આ મામલે તૈયારીની જરૂર હોય છે. હવે ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે અધ વચ્ચે કોઈ કિંમતે આવી શંકા યોગ્ય હોઈ શકે નહીં. રાજકીય પક્ષોને સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ આગળ વધીને વિશ્વાસ કરવાની જરૂર છે.

ચૂંટણી મતદારો જીતાડે છે ઈવીએમ નહીં તે સમજી લેવાની જરૂર...

ફરી ઈવીએમ પર પ્રશ્નો ઉઠાવાયા



રાજકીય પક્ષોને ઈવીએમ પર હોબાળો મચાવવાના બદલે સામાન્ય જનતાના મનને જીતવાની જરૂર : મશીન પર શંકા હતાશા દર્શાવે છે

ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન ફરી એકવાર શંકાના ઘેરામાં છે. આ હોબાળો પણ એ સમય થઈ રહ્યો છે જ્યારે લોકસભાની ચૂંટણીં માટે પ્રથમ તબક્કામાં મતદાન થઈ ચુક્યુ છે. ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે પણ મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી ચુકી છે. જ્યારે ઓરિસ્સામાં ત્રણ તબક્કામાં મતદાન હજુ બાકી છે. ૧૮મી એપ્રિલના દિવસે બીજા તબક્કામાં મતદાન થનાર છે. ૨૧ રાજકીય પક્ષોએ ફરી એકવાર બેઠકો કરીને ઈવીએમની કાર્યપ્રણાળીની સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. આ પ્રક્રિયાને શંકાસ્પદ તરીકે ગણાવીને તેની ટિકા કરી છે. આ રાજકીય પક્ષોએ ફરી એકવાર સુપ્રીમ કોર્ટમાં જવાની વાત રજૂ કરી છે. કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ટીડીપી જેવા રાજકીય પક્ષોએ આ બેઠક યોજીને ઈવીએમ પર પ્રશ્ન ઉઠાવ્યા છે. આ લોકોએ માંગ કરી છે કે દરેક નિર્વાચન ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૫૦ ટકા મતાદાન કેન્દ્ર પર ઈવીએમના મતના મિલાનને વીવીપેટની પરચી સાથે કરવામાં આવે. ઈવીએમથી સૌથી વધારે નારાજ તેલુગુ દેશમ પાર્ટીના વડા ચન્દ્રાબાબુ નાયડુ દેખાયા છે. તેમનુ કહેવુ છે કે ખુબ ઓછા દેશ એવા રહ્યા છે જ્યાં ઈવીએમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જર્મની, નેધરલેન્ડ જેવા દેશો પણ વિકસિત દેશ છે પરંતુ ત્યાં મતદાન પત્રકનો ઉપયોગ કરવામાં આવે છે. આંધ્રપ્રદેશ જ્યાં ટીડીપી પાર્ટી સત્તામાં રહેલી છે. ૧૧મી એપ્રિલના દિવસે લોકસભાની ૨૫ બેઠકો પર વિધાનસભાની ૧૭૫ સીટ પર મતદાન થઈ ચુક્યુ છે. નાયડુને શંકા છે કે ઈવીએમમાં ગેરરિતી થઈ છે. અહીં તેમની ટક્કર જગન મોહન રેડ્ડીની સામે છે. નાયડુ વિધાનસભા ક્ષેત્રોમાં પણ ૨૫ ટકા ઈવીએમનુ મિલન વીવીપેટ સાથે કરાવી લેવાની માંગ કરી છે. નાયડુએ ચૂંટણી પંચ પર પણ રાજયમાં બંધારણીય કર્તવ્યોનુ પાલન ન કરવાનો આક્ષેપ કર્યો છે. જો કે સુપ્રીમ કોર્ટે ગયા સપ્તાહમાં જ આદેશ આપી દીધો છે કે દરેક નિર્વાચન ક્ષેત્રમાં પાચ ટકા મતદાન કેન્દ્ર પર વીવીપેટ પરચી સાથે મિલન કરવામાં આવે તે જરૂરી છે. એ વખતે સુપ્રીમ કોર્ટના ચુકાદાની સામે કોઈ રાજકીય પાર્ટીએ વાંધો ઉઠાવ્યો ન હતો. એ વખતે આને કાયદાની જીત તરીકે ગણાવીને તેની પ્રશંસા કરી હતી. હવે એકાએક ઈવીએમથી વિરોધ પક્ષોનો ભંગ કઈ રીતે થઈ ગયો છે તે બાબત સમજી લેવાની જરૂર છે. તમામ લોકો સારી રીતે જાણે છે અને આ બાબતથી ઈન્કાર પણ કરી શકે નહીં કે ચૂંટણી મતદારો જીતાડે છે કોઈ ઈવીએમથી ચૂંટણી જીતાતી નથી. રાજકીય પક્ષોએ સામાન્ય લોકોની અંદર વિશ્વાસ જગાવવાની જરૂર હોય છે. મશીન પર વારંવાર પ્રશ્નો કરવાની બાબત બિલકુલ આધારવગરની છે. ખુબ ઓછા એવા દેશ છે જ્યાં ઈવીએમનો ઉપયોગ થઈ રહ્યો છે. જો મતદારોનો વિશ્વાસ જીતવો છે તો બેલેટ પેપરનો ઉપયોગ કરવો પડશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવી અને પૂર્વ કેન્દ્રીયમંત્રી કપિલ સિબ્બલ આ બેઠકમાં સામેલ થયા હતા. પ્રથમ તબક્કાની ચૂંટણી બાદ ઈવીએમ ઉપર પ્રશ્નો ઉઠાવા લાગી ગયા છે. અમને લાગતું નથી કે ચૂંટણી પંચ આના ઉપર ધ્યાન આપી રહ્યું છે. એવી ફરિયાદ ઉઠી છે કે, જો કોઈ વ્યક્તિ એક્સ પાર્ટીને મત આપે છે તો મત વાય પાર્ટીને મળે છે. વીવીપેટમાં પણ પરચીઓ સાત સેકન્ડની જગ્યાએ માત્ર ત્રણ સેકન્ડ નજરે પડે છે. ઈવીએમને લઈને વિરોધ પક્ષો ફરી એકત્રિત થઈ રહ્યા છે. આને લઈને આક્ષેપબાજીનો દોર શરૂ થઈ ગયો છે. આજે યોજાયેલી મહાગઠબંધનની બેઠક ઉપર ભાજપે આકરા પ્રહાર કર્યા હતા. ભાજપે આ બેઠક અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, ચૂંટણીના પરિણામ પહેલા જ મહાગઠબંધને હાર સ્વીકારી લીધી છે અને ઈવીએમને લઈને પ્રશ્નો ઉઠાવવાની શરૂઆત કરી દીધી છે. કહેવાતા ગઠબંધનને હારનો ભય સતાવી રહ્યો છે. ભાજપના નેતા જીવીએલ નરસિંહાએ કહ્યું છે કે, દિલ્હીમાં જે બેઠક થઈ છે તેમાં આ લોકોને ખબર પડી ગઈ છે કે, પ્રથમ તબક્કામાં માહોલ કયા દિશામાં રહ્યો છે. મહાગઠબંધનની હાર સ્વીકારનાર બેઠક તરીકે આને જોઈ શકાય છે. તેમણે કહ્યું હતું કે, મહાગઠબંધનની પાસે કોઈપણ પ્રકારના એજન્ડા નથી. લોકોને બતાવવા માટે કોઈ લીડરશીપ પણ નથી. આવી સ્થિતિમાં ઈવીએમને લઈને યોજાયેલી બેઠક તેમની હાર દર્શાવે છે. આગામી દિવસોમાં આ લોકો વધારે હોબાળો મચાવશે. જ્યારે ચૂંટણીમાં જીત થાય છે ત્યારે ઈવીએમ ઉપર પ્રશ્નો કરવામાં આવતા નથી પરંતુ હાર થાય ત્યારે પ્રશ્ન થાય છે.

ચાર ધામ પૈકી એક પુરીમાં શ્રદ્ધાળુઓનો ધસારો હમેંશા રહે છે...

જગન્નાથપુરીમાં રોચક જંગ ખેલાશે



જગન્નાથપુરીમાં લોકસભા ચૂંટણીમાં મુખ્ય રીતે ત્રિકોણીય સ્પર્ધા થનાર છે : બિજુ જનતા દળને સતત છઠ્ઠી વખત જીત મળશે તે તમામનો પ્રશ્ન

તીર્થ નગરી જગન્નાથપુરીમાં આ વખતે લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમી ચરમસીમાં પર પહોંચી ગઈ છે. જનતા કોને પુરીના પ્રવકતા તરીકે બનાવશે તેનો લઈને મતદારો અને રાજકીય પક્ષોમાં ભારે ચર્ચા છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે પુરી તીર્થ નગરી તરીકે છે. જે ચાર ધામ પૈકી એક છે. કોઈ પણ સિઝન કેમ ન હોય અહીં શ્રદ્ધાળુઓનો ધસારો સતત જારી રહે છે. આજકાલ પુરીમાં સવારમાં અને બપોરમાં કાળઝાળ ગરમી જોવા મળે છે પરંતુ સાંજના સમય પર ઠંડી હોય છે. દરિયા કિનારે લોકોનો ધસારો હમેંશા જોવા મળે છે. પ્રશ્ન તમામની જીભ પર એક છે કે આ વખતે બિજુ જનતા દળઅહીંથી સતત છઠ્ઠી વખત જીત મેળવી શકશે ? શુ ઓરિસ્સામાં પ્રથમ વખત કમલ ખિલી ઉઠશે ? તેવો પ્રશ્ન પણ થઈ રહ્યો છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા પણ તેની ગુમાવેલી જમીનને ફરી હાસલ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સ્વર્ગદ્વારથી તોડાક અંતર પર બજારમાં જ્યારે ખરીદી કરતા લોકો આ મુજબની વાત કરતા જોવા મળે છે ત્યારે તમામની ઉત્સુકતા વધી જાય છે. પુરીમાં કોણ જીતશે તે અંગે પણ બજારોમાં પ્રશ્ન થાય છે. આવા પ્રશ્ન કરવામાં આવે ત્યારે સામાન્ય રીતે દુકાનદારો ખામોશ રહે છે. જાણકાર લોકો અને પુરીમાં ત્રણેય પાર્ટીના લોકો અને પ્રવકતા પોત પોતાની પાર્ટીની જીત થઈ જશે તેવો દાવો કરી રહ્યા છે. સંબિત પાત્રા ભારતીય જનતા પાર્ટીના , પિનાકી મિશ્રા બીજુ જનતા દળના અને સત્યપ્રકાશ નાયક કોંગ્રેસ પાર્ટીના પ્રવકતા છે. આ ત્રેણય વચ્ચે જોરદાર સ્પર્ધા છે. આ જ કારણ છે કે પુરીમાં ખુબ તર્ક વિતર્ક જોવા મળે છે. સંબિત પાત્રા ભગવાન જગન્નાથની મુર્તિની સાથે પોતાની ઉમેવારી પત્ર ભરવા માટે પહોંચ્યા હતા. આને લઈને પણ ખુબ વિવાદ થયો હતો. જયાં સંબિત પાત્રા તો પુરીના જ નહીં બલ્કે તમામ ગરીબ લોકોના પ્રવકતા તરીકે ગણાવી રહ્યા છે. પિનાકી મિશ્ર તેમને મોદી મિડિયાના પ્રવકતા તરીકે ગણાવે છે. હવે જોવા જેવી બાબત એન છે કે પ્રોફેશનથી સર્જન એવા સંબિત પાત્રા આરોપોને કઈ રીતે જવાબ આપે છે. શુ તેમનામાં કમલ ખિલવવા માટેની ક્ષમતા છે. આ બાબતા તો ચૂંટણી પરિણામ જ સાબિત કરનાર છે. બીજી બાજુ કોંગ્રેસના સત્યપ્રકાશ પિનાકી મિશ્રા પર ત્રણ વખતના સાંસદ હોવા છતાં કોઈ કામ ન કરવાનો આરોપ મુકે છે. સોશિય મિડિયામાં જોરદાર આરોપોનો દોર ચાલી રહ્યો છે. નવીન પટનાયક ભારે લોકપ્રિય રહ્યા છે. અહીં પાર્ટી ગૌણ છે. નવીન અને નરેન્દ્ર મોદી વચ્ચે સ્પર્ધા છે. થોડાક સમય પહેલા સુધી એવી પણ ચર્ચા રહી હતી કે મોદી પોતે પુરીમાંથી ચૂંટણી લડશે. પુરીમાં તો સૌથી મોટા ઈન્ડસ્ટ્રીઝ તરીકે તો ધાર્મિક પ્રવાસ છે. જગન્નાથ મંદિર જ સૌથી મોટા કેન્દ્ર તરીકે છે. અહીંના લોકો કહે છે કે મોદી પોતાની જગ્યાએ છે પરંતુ ઓરિસ્સાના અસ્મિતાના પ્રતિક સમાન નવીનની લોકપ્રિયતા ઓછી થઈ નથી. જો કે બીજેડીના સ્થાનિક નેતાઓ પ્રત્યે લોકોમાં નારાજગી છે. મંદિરની સરકારી વ્યવસ્થાને લઈને પ્રશ્નો થઈ રહ્યા છે. દેશમાં લોકસભાની ચૂંટણીને લઈને જોરદાર રાજકીય ગરમી જોવા મળી રહી છે. લોકસભાની ચૂંટણીના જુદા જુદા તબક્કામાં મતદાનના ભાગરૂપે પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે મતદાન થયુ હતુ. હવે બીજા તબક્કાંમાં દેશમાં ૧૮મી એપ્રિલના દિવસે મતદાન થનાર છે. પુરી ધાર્મિક સ્થળ તરીકે છે. અહીં મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો દરેક રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ વખતે તો મોદીએ પણ ઓરિસ્સામાં તમામ તાકાત લગાવી દીધી છે. જેથી સમીકરણ બદલાવવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. ભાજપ અનેબીજેડી વચ્ચે જોરદાર સ્પર્ધા આ વખતે થવાના સંકેતો દેખાઈ રહ્યા છે. નવીન પટનાયક પર તોજાબી પ્રહારો પ્રચાર દરમિયાન મોદી કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીએ પણ તેના ગુમાવી દીધેલા આધારને ફરી હાંસલ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેમના લોકો પણ હાલમાં ભારે મહેનત કરી રહ્યા છે. વર્તમાન સ્થિતી મુજબ તો નવીન પટનાયકની સ્થિતી સૌથી વધારે મજબુત દેખાય છે.

પોતાની કમાણી અને ખર્ચને ટ્રેક કરવાની બાબત ખુબ ઉપયોગી...

બિઝનેસ ફાઈનાન્સને વ્યવસ્થિત રાખો

બિઝનેસ ફાઈનેન્સને વ્યવસ્થિત કરીને સફળતા હાંસલ કરી શકાય છે. પર્સનલ ફાઈનેન્સની જેમ જ આપને નાના ફાઈનેન્સને પણ વ્યવસ્થિત રાખવાની જરૂર હોય છે. કેટલાક ખાસ પગલા લઈને બિઝનેસના નાના ફાઈનાન્સને પણ આરામથી વ્યવસ્થિત રાખી શકાય છે. તેમને ટ્રેક કરી શકાય છે. આ રીતે તમે તમારા બિઝનેસને સફળતાપૂર્વક ચલાવી શકો છો. સાથે સાથે લક્ષ્યને સફળતાપૂર્વક હાંસલ કરી શકાય છે. બિઝનેસ શરૂ કરવાની બાબત ચોક્કસપણે પોતાની રીતે મોટી બાબત છે. આમાં આપની પાસે લાંબી ટુ ડી લિસ્ટ હોય છે.આમાં સમય સમય પર અલગ અલગ કામો પણ કરવા પડે છે. આવી સ્થિતીમાં આ તમામની સાથે કામ પાર પાડવા માટેની બાબત પણ સરળ હોતી નથી. જો કે જો બિઝનેસથી વધારે પૈસા મળી રહ્યા નથી તો તે તે એક ઈચ્છાથી વધારે રહેતા નથી. પોતાના નાના બિઝનેસને યોગ્ય રીતે મેનેજ કરવા અને વ્યવસ્થિત રાખવાની બાબત હમેંશા ઉપયોગી સાબિત થાય છે. આના કારણે સફળતા હાંસલ કરી શકાય છે. આનાથી બિઝનેસને સફળતાની દિશામાં લઈને આગળ વધી શકાય છે. પોતાના પ્રોફિટ ગોલને હાંસલ કરવા માટે કેટલાક નક્કર માર્ગ અપનાવવા પડે છે. પર્સનલ ફાઈનાન્સની જેમ જ એવા અનેક તરીકા છે જેના કારણે આપ બિઝનેસ ફાઈનાન્સને વ્યવસ્થિત રાખી શકો છો. સામાન્ય લોકો અને જાણકાર નિષ્ણાંતો કહે છે કે આપના બિઝનેસને વ્યવસ્થિત રાખવા માટે સૌથી પહેલા હાર્ડ કોપીને સોફ્ટ કોપીમાં ફેરવી નાખવામાં આવે તે જરૂરી છે. બિઝનેસને વ્યવસ્થિત કરવા માટે આપને પોતાના મોટા ભાગના ફાઈનાન્સિયલ પેપરવર્કને ડિજિટાઈઝ કરી દેવાની જરૂર હોય છે. તમે તમારા દસ્તાવેજને ડિજિટલી સેવ કરી શકો છો. સાથે સાથે થર્ડ પાર્ટી સર્વિસનો ઉપયોગ કરીને તેમને બચાવી શકાય છે. આપને તમામ ચીજો કોમ્પ્યુટર પર સાચવીને રાખવાની પણ કોઈ જરૂર નથી. જો તમે કોઈ હાર્ડ કોપી રાખવા માટેની ઈચ્છા ધરાવો છો તો તમે તેને કેટેગરીની દ્રષ્ટિએ વિભાજિત રાખી શકાય છે. તેમને કેબિનેટમાં વ્યવસ્થિત રીતે રાખી શકાય છે. બિઝનેસને સુરક્ષિત રાખવા માટે કેટલાક પગલા જરૂરી હોય છે. બિઝનેસને પોતાના સ્તર પર સુરક્ષાની જરૂર હોય છે. આના માટે આપને પોતાના બિઝનેસ માટે વીમા લેવાની પણ જરૂર હોય છે. આના કારણે તમે તમારા બિઝનેસની એક અલગ ઓળખ ઉભી કરી શકો છો. સાથે સાથે બિઝનેસ ફાઈનાન્સને પણ ખાનગી ફાયનાન્સ કરતા અલગ રાખી શકાય છે. જો તમે ઈચ્છો છો કે એવા ફાઈનાન્સલ મામલા જેના કારણે બિઝનેસ પર માઠી અસર થઈ રહી છે તેનાથી આપની અંગત સંપત્તિ બચી રહે તો આના માટે બિઝનેસને સુરક્ષિત રાખવાની જરૂર હોય છે. આવી રીતે આપ આપના બિઝનેસ ફાઈનેન્સને વધારે વ્યવસ્થિત રાખી શકો છો અને સાથે સાથે સુરક્ષિત પણ રાખી શકો છો. બિઝનેસના નાના ફાઈનાન્સને વ્યવસ્થિત રાખવા માટે આપને આ બાબત જાણવી ખુબ જરૂરી છે કે આપની આવક કેટલી થઈ રહી છે. આપ આપની માસિક, સામાહિક અને દરરોજની કમાણી કેટલી કરી રહ્યો છો. આ બાબત જાણવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. પોતાના બિઝનેસ માટે કેટલી રકમ ઉભી થઈ રહી છે તે બાબત જાણવી જરૂરી છે. આપ આના માટે એક સ્પ્રેડશીટનો ઉપયોગ કરી શકો છો. સાથે સાથે આપ પોતાની કમાણીને કેટેગરીજમાં વિભાજિત કરી શકો છો. આ રીતે તમે કમાણીને ટ્રેક કરી શકો છો. સાથે સાથે પોતાના ફાઈનાન્સને યોગ્ય રીતે વ્યવસ્થિત રાખી શકો છો. પોતાના ખર્ચને ટ્રેક કરવામાં આવે તે બાબત પણ જરૂરી છે. જો તમે તમારી કમાણીના ટ્રેક રાખી રહ્યા છો તો તે બાબત અસરકારક સાબિત થઈ શકે છે. ખર્ચને પણ ટ્રેક કરવાની જરૂર હોય છે. એન્ટરપ્રેન્યોર્સની પાસે કેટલાક જરૂરી ખર્ચ હોય છે. જે ખર્ચને તેમને આપવા જ પડે છે. જેથી તેમના બિઝનેસને આગળ વધારી શકાય છે. આપ પોતાના ટેક્સ પર બિઝનેસના કેટલાક ખર્ચને ઓછા કરી શકો છો. પોતાની ટેક્સેબલ આવકને ઓછી કરી શકો છો. જે રીતે તમે પોતાની કમાણીને ટ્રેક કરો છો તેવી જ રીતે ખર્ચને પણ ટ્રેક કરી શકો છો. બિનજરૂરી ખર્ચ થઈ રહ્યા છે કે કેમ તે બાબત જાણી શકાય છે. સફળતા માટે બિનજરૂરી ખર્ચ પર અંકુશ રહે તે જરૂરી હોય છે. એન્ટરપ્રેન્યર્સ એ જ ઈચ્છે છે કે તેમની પાસે પૈસા આવવા માટેના તરીકા સરળ રહે. આના માટે સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે પહેલા એ નક્કી કરવુ પડશે કે પૈસા તમે કઈ રીતે લેશો. આ એ બાબત પર આધારિત રહે છે કે આપનો બિઝનેસ કેવા આધાર પર ચાલે છે. જો તમે કોઈ સર્વિસ આપી રહ્યા છો તો આપને નિયમિત રીતે સંકલન રાખવાની જરૂર રહેશે. જો તમે કોઈ પ્રોડક્સ વેચી રહ્યા છો તો આપને ક્રેડિટ કાર્ડ પેમેન્ટ લેવા પડશે. અથવા તો પોતાની વેબસાઈટ પર ઓનલાઈન કાર્ટઓપ્શન સેટ અપ કરવાની જરૂર રહેશે. પેમેન્ટને સરળ બનાવીને બિઝનેસના નાના ફાઈનાન્સને યોગ્ય બનાવી શકો છો. જેમ જ આપના બિઝનેસમાં પૈસા આવવાની શરૂઆત થાય તેમ જ આપને અલગ ફાઈનાન્સ કરવાની જરૂર હોય છે. અંગત અને બિઝનેસ ફાઈનાન્સને હમેંશા અલગ રાખવાની જરૂર હોય છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

the next big thing

URMi

INVESTMENT CONSULTANCY

CREATING WEALTH SINCE 1999

अनेक नही एक INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

म्युચ્યુअल ફંડ सही है ? परंतु શું આપનો Portfolio સહી છે ?

સોમવારે સૈન્યનાં અધિકૃત ટ્વિટર હેન્ડલ પરથી સૈનિકોને ઉદ્દેશીને ચેતવણી આપતો એક વીડિયો બહાર પાડવામાં આવ્યો, સંદેશ હતો: 'સૈન્ય અધિકારીઓ તેમના વોટ્સએપ ગ્રુપમાં છદ્મવેશે ઘૂસી ગયેલા ચીની હેકરોથી સાવધાન રહે.' સેના તેના કર્મીઓને મોબાઈલ અને સોશ્યલ મીડિયાનો જવાબદારીભર્યો ઉપયોગ કરવાની સતત સલાહો આપતી રહે છે. છતાંય, તાજેતરમાં વાયુસેનાના એક ગ્રુપ કેપ્ટનને પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈએ હનીટ્રેપમાં ફસાવી તેની પાસેથી વાયુસેનાનાં એક મોટા યુદ્ધાભ્યાસ અંગેની ગોપનીય માહિતી કઢાવી લીધી.

એકવીસમી સદીમાં સ્માર્ટફોન, એક કાંડા ઘડિયાળ સમાન સામાન્ય વસ્તુ બની ગયો છે. જ્યાં જુઓ ત્યાં અબાલવૃદ્ધ સર્વે પોતપોતાના સ્માર્ટ ડીવાઈસ સાથે ઓતપ્રોત જોવા મળે છે. પ્રશ્ન છે, એવા લોકોનું શું જેને આપણે જોઈ નથી શકતા?

સ્માર્ટફોન દેશના દુશ્મનો, વિદેશી તાકાતો અને અપરાધીઓનું, આધુનિક યુગની સૌથી તાકાતવાન જણસ, ઈન્ફોર્મેશન વડે સશક્તિકરણ કરે છે. આ અનિચ્છનીય તત્ત્વો આપણી સઘળી માહિતી ચોરીથી મેળવી શકે અને બીજાને વેચી પણ શકે છે. આપણી ગુપ્તચર સંસ્થાઓ અને સુરક્ષા એજન્સીઓ માટે સ્માર્ટફોન તેના એપ્લિકેશન્સ અને ફિચર્સ માથાનો મોટો દુખાવો બની ગયા છે.

હજી થોડાંક વર્ષો પહેલાં ફોન વડે થતી વાતો કેવળ ટેપ થઈ શકતી. આજે આપણા ફોટોગ્રાફિક સિક્રેટ્સ, વીડિયો ફૂટેજ અને ગોપનીય ડેટા પણ અપરાધિક તત્ત્વોનાં હાથમાં જઈ શકે તેમ છે. સૈન્ય છાવણીની અંદર છદ્મવેશે રહેલા દુશ્મન જાસૂસ કે અસામાજિક તત્ત્વના હાથમાં રહેલો મોબાઈલ, એ એક આફતને નિમંત્રણ છે. સૈન્ય કમાંડરોના હાથમાંથી છાવણીઓના સુરક્ષા તંત્રનું નિયમન સરકતું જણાય છે. સૈન્ય છાવણીઓ અને અન્ય હાઈ-સિક્યુરિટી ઝોનની ગુપ્તતા પર ખતરો મંડરાઈ રહ્યો છે. એક તરફ, સ્માર્ટફોન્સમાં લગાતાર ઉમેરાઈ રહેલાં નવા ફિચર્સ તેને ઉચ્ચતમ ઉપયોગીતા અને ઉત્પાદકતા ધરાવતું ઉપકરણ બનાવે છે, જ્યારે બીજી તરફ, તે ફિચર્સ જ સ્માર્ટફોનને જાસૂસી અને બીજી અનેક દ્વેષપૂર્ણ ગતિવિધિઓ માટે એક મોટું લક્ષ્ય પુરવાર કરે છે.

આપણે સામાન્ય સમજથી, સ્માર્ટફોન્સને કેવળ એક બાહ્ય ઉપકરણની દ્રષ્ટિએ નિહાળીએ છીએ, પરંતુ વાસ્તવમાં તે આપણા વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનનો પ્રવેશ માર્ગ છે. સ્માર્ટ ઉપકરણો મારફતે ટ્રાવેલ કરતો ડેટા અનિશ્ચિત છે. હાલ ચાલી રહેલા સીરિયા સંઘર્ષ દરમિયાન રશિયાએ સૈન્ય પરિચાલન અંગેની માહિતી, સૈનિકોની સંખ્યા તથા સૈનિકોને ભયભીત કરવાનાં લક્ષ્ય સાથે, નાટો સૈનિકોના સ્માર્ટફોન્સને સોશ્યલ મીડિયા અને એપ્લિકેશન્સ થકી નિશાન બનાવ્યાં હતાં.

વર્તમાનના નિરંતર પરિવર્તનશીલ પરિદ્રશ્યમાં, સ્માર્ટ ડીવાઈસોથી ઊભા થઈ રહેલા જાસૂસી પડકારો સમક્ષ, આપણી જાસૂસી અને



સુરક્ષા એજન્સીઓ નબળી ભાસી રહી છે. સાયબર યુદ્ધ લડવા માટે તેમણે સક્રિય અભિગમો અપનાવી જૂની પદ્ધતિઓમાં ધરમૂળથી બદલાવ કરવાની જરૂર છે. નવીનતમ તકનિકી અને તેના ઉપયોગમાંથી ઉદ્ભવેલ સંભવિત સુરક્ષાગત ભયસ્થાનો વિષે આપણા સાયબર ગુપ્તચરો સારી રીતે વાકેફ હોવા જોઈએ.

દેશના રક્ષા પ્રતિષ્ઠાનોમાં મોબાઈલ ફોનના ઉપયોગને કારણે ઉત્પન્ન થતાં ભયસ્થાનોની તત્કાલ સમીક્ષા કરવાની આવશ્યકતા છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ વાળા સ્માર્ટ એપ્લિકેશન ધરાવતો મોબાઈલ ફોન સ્વયં એક જાસુસ છે અને તેના બધા ઉપયોગકર્તાઓને તે અજાણપણે જાસૂસીમાં લુપ્ત કરે છે. ઉચિત સુરક્ષા સેટિંગનું ચયન ન કર્યું હોય તો હેક થયા વિના પણ મોબાઈલ ફોન ઉપયોગકર્તાના લોકેશન અને અન્ય વ્યક્તિગત ડેટાને સંચારીત કરી શકે છે.

સ્માર્ટફોનમાં રહેલું જિયો ટેગિંગનું ફિચર મોબાઈલ નેટવર્ક વિના પણ વપરાશકર્તાના અક્ષાંશ અને રેખાંશની સટીક ભૌગોલિક માહિતી બ્રોડકાસ્ટ કરે છે. કલ્પના કરો કે, અરબસાગરમાં ગુપ્ત યુદ્ધાભ્યાસ કરી રહેલા નૌસેનાના જહાજ પર કે રાજસ્થાનના રણમાં તહેનાત સૈન્યની પલટણના કોઈ અધિકારીએ પોતાનો મોબાઈલ સ્વિચ ઓન કર્યો અને તેમના મોબાઈલ ફોનમાં રહેલા જાસૂસીની ક્ષમતા ધરાવતા એપ્લિકેશને જિયો ટેગની ભૌગોલિક માહિતી પ્રસારિત કરીને તેમના યુદ્ધ જહાજ કે પલટણને દુશ્મન સમક્ષ છતાં કરી દીધા. આ અનિચ્છનીય પરિસ્થિતિમાં, તેમની અને રાષ્ટ્રની સુરક્ષા માટે મોટો ખતરો ઊભો થઈ શકે.

દેશ વિરોધી શક્તિઓ દ્વારા હેક થયેલાં મોબાઈલ ઉપકરણોનો ઉપયોગ, માઈક્રોફોન અને કેમેરો ચાલુ કરી તેના દ્વારા સંવેદનશીલ વાર્તાલાપોને સાંભળવા, મોબાઈલની મેમેરીમાં મોજૂદ અને મોબાઈલ વડે પ્રસારિત થઈ રહેલા ડેટાની ચોરી કરવા માટે થઈ શકે છે. દુશ્મને વિકસાવેલું , ફોન પર કાબૂ કરી શકે તેવું સોફ્ટવેર યુદ્ધ સમયે દુશ્મનોને સૈન્ય ટુકડીઓની ઉપસ્થિતિ અને હિલચાલની પળેપળની જીવંત અવસ્થિતિ અંગેની માહિતીનું પ્રસારણ કરી શકે છે. જી.પી.એસ. ટ્રેકર વડે લેસ, સ્માર્ટ રિસ્ટબેન્ડ અને મોબાઈલ ફોન વડે રક્ષા અને અન્ય સંવેદનશીલ વિસ્તારનો નકશો બનાવી શકાય છે. કદાચિત, જી.પી.એસ. ટ્રેકર લાગેલું મોબાઈલ ડીવાઈસ મિસાઈલને લક્ષ્ય સંપાદનમાં પણ મદદરૂપ થઈ શકે.

આધુનિક યુગમાં જીવન જરૂરિયાતની વસ્તુ બની ગયેલા, સ્માર્ટફોન પર વ્યાપક પ્રતિબંધ, દેશનાં વિવિધ રક્ષા પ્રસ્થાનોમાં કામ કરતા આમ નાગરિકો અને સૈનિકોનાં રોજબરોજના જીવન પર ઊંડી અસર પાડી શકે છે. ઉદાહરણ તરીકે, સૈન્ય મુખ્યાલયમાં નિયુક્ત લોકો કાર્યસ્થળે પહોંચવા માટે સાર્વજનિક ટ્રાન્સપોર્ટ જેવા કે દિલ્હી મેટ્રો અને એપ્લિકેશન આધારિત ટેક્સી સેવાઓનો ઉપયોગ કરતા હોય છે. આ સંજોગોમાં ભારત સરકારે દેશના સૈન્ય અધિકારીઓના મોબાઈલ ફોન અને તેના ડેટાની સલામતીને લગતી નીતિઓ વિકસિત કરવી પડશે.

લોકો દ્વારા પ્રતિદિન ઉપયોગમાં લેવાતો સ્માર્ટફોન, યુદ્ધનાં એક નવા આયામ તરીકે ઊભરી આવ્યો છે.

મસાલાઃ સુગંધ, સ્વાદ ને સ્વાસ્થ્યનો સંગમ



ઘણી વાર કદમાં નાની હોય તેવી ચીજોની ઉપેક્ષા થતી હોય છે. આ નાની અમથી ચીજો મસમોટાં કામ કરતી હોય છે તે આપણી ધ્યાન બહાર રહી જાય છે. રોજબરોજ આપણે જે ભોજન લઈએ છીએ તેમાં કેટકેટલા મસાલા દાણા કે પાઉડરરૂપે થાળીમાં આવીને આપણા સ્વાસ્થ્યની સરભરા કરતા હોય છે.

ગુજરાતીઓને દાળભાત પ્રિય છે, પણ આ દાળમાં કેટકેટલા મસાલા પડતા હોય ત્યારે એ સ્વાદિષ્ટ બને છે. કોઈ હોંશે હોંશે દાળ ખાતા છોકરાને પૂછીએ તો બરાબર જવાબ પણ ન આપી શકે, પણ ગૃહિણીઓને ખબર હોય છે કે આ દાળમાં મીઠું, મરચું, હળદર, ધાણા-જીરું, રાઇ, મેથી, હિંગ, તજ, લવિંગ, તમાલપત્ર, આંબલી, કોકમ જેવા કેટલાય મસાલા માપસર પડતા હોય છે ત્યારે સહુના મોંમાં પાણી છૂટતું હોય છે. કહેવાય દાળ પણ હોય સત્તર મસાલાનો રસાલો.

માત્ર દાળ જ નહીં, પણ શાક, કઠોળ, કઢી, અથાણાં કે વાર તહેવારે બનતા ફરસાણોમાં ભારતીય પ્રજા છૂટથી મસાલાઓ વાપરે છે. અલબત્ત મસાલાની શોધ જ ભારતમાં થઈ છે. વર્ષો પહેલાં જ્યારે વિમાનની શોધ ન હતી થઈ ત્યારે પણ ભારતના મરી મસાલા જળમાર્ગે આખી દુનિયામાં નિકાસ થતાં. અને આજે પણ દુનિયાભરમાં જે મસાલા વપરાય છે તેમાં ભારતનો ફાળો સૌથી વિશેષ છે.

મસાલા ફક્ત સ્વાદ માટે જ વપરાય છે એવું નથી, દરેકેદરેક મસાલા ઔષધની ગરજ સારે તેવા હોય છે. એમ સમજોને કે આપણા ઘરમાં મસાલા માટે જે ડબ્બો હોય છે એ ફર્સ્ટ એઈડ કીટ જેવો પણ હોય છે.

છોકરાઓને રમતા રમતા વાગ્યું અને લોહી નીકળ્યું તો ફટ દઈને હળદર દબાવી દો એટલે કામ તમામ. રાત્રે પેટમાં દુખે છે તો ચપટી અજમો સહેજ મીઠામાં ભેળવી ચાવી ખાવ. વાયુનો પ્રકોપ થયો છે તો જીરૂ અને ગોળ ખાઈ લો. આજકાલ તો ટૂથપેસ્ટ બનાવતી વિદેશી કંપનીઓ પણ આપણા લીમડા, હળદર, લવિંગ કે તજ જેવા વિવિધ મસાલા વાપરતી થઈ ગઈ છે. ડોશીમાનું વૈદુ કહેવાતા આ નુસખાઓને હવે આયુર્વેદ તેમ જ આધુનિક તબીબી વિજ્ઞાનનું પણ સમર્થન મળતું જાય છે એ એક ભારતીય તરીકે આપણે સહુએ ગર્વ લેવા જેવી વાત છે. દરેક મસાલા સ્વાદ તો આપે જ છે, પણ એ સ્વાસ્થ્યની કાળજી કેવી રીતે લે છે તેની પ્રાથમિક જાણકારી તો દરેક પાસે હોવી જ જોઈએ. ચાલો સ્વાદ સાથે સ્વાસ્થ્ય આપતા મસાલાની દુનિયામાં લટાર મારીએ.

મરચું સ્વાદમાં ભલે તીખું તમતમતું હોય પણ પ્રમાણસર ખોરાકમાં લેવામાં આવે તો શરદી-કફને મારી ભગાવે છે. મરચામાં રહેલું કેપ્સેસિન શરીરને હાઇ બ્લડપ્રેશરથી બચાવે છે. લોહી પાતળું રાખે છે. ખરાબ કોલેસ્ટરોલને નિયંત્રણમાં રાખે છે. હૃદયની બીમારીઓથી બચાવે છે. એક કેનેડિયન સંશોધન અનુસાર કેપ્સેસિન ડાયાબિટીસ સામે પણ રક્ષણ આપે છે. મરચામાં લોખંડ, પોટેશિયમ, મેગ્નેશિયમ અને મેંગેનિઝ જેવા મિનરલ્સ ભરપૂર પ્રમાણમાં છે, અનિદ્રા, માઇગ્રેન, સાઇનસ જેવા રોગોમાં ઉપયોગી મરચું શરીરનું વજન ઘટાડવામાં પણ ઉપયોગી સિદ્ધ થયું છે.

હળદર સ્વાદમાં તૂરી છે પણ સ્વાસ્થ્ય જાળવવાની બાબતમાં શૂરી છે. હળદર એન્ટિ સેપ્ટિક, એન્ટિ બેક્ટેરિયલ અને એન્ટિ વાયરલ ગુણધર્મો ધરાવે છે. ઘા રૂઝાવવા ઉપરાંત, એન્ટિ ઓક્સાઇડથી ભરપૂર હળદર ચામડીને ખીલ, ફોડી અને ગુમડાઓથી બચાવવા માટે અત્યંત ઉપયોગી છે. હળદરમાં રહેલું કર્કયુમિન કેન્સર સામે પણ રક્ષણ આપે છે. લીવર, હૃદય અને મગજને પણ તંદુરસ્ત રાખતી હળદરનો ઉપયોગ સૌંદર્ય વધારવા માટે પણ થાય છે. લગ્ન વખતે વર કે ક્યાને પીઠી ચોળવામાં આવે છે તેમાં હળદર હોય છે.

ધાણાનો ઉપયોગ વિવિધ રીતે થાય છે. લીલા ધાણાને આપણે કોથમરી તરીકે પણ ઓળખીએ છીએ. સૂકા આખા ધાણા પણ ઘણી વાનગીમાં વપરાય છે. ગોળ-ધાણા ખવાય છે તેમાં પણ આખા ધાણા હોય છે. આ જ ધાણાનો પાઉડર રસોડામાં વિવિધ વાનગીઓ બનાવવામાં વપરાય છે. ધાણા અત્યંત ઉપયોગી છે. બહુ ઓછાં એવાં તત્ત્વો હોય છે જે ત્રિદોષશામક હોય છે. ધાણા ત્રિદોષશામક છે. ધાણામાં ડાયેટરી ફાઇબરનું પ્રમાણ ભરપૂર હોઇ આપણી પાચનક્રિયા ઝડપી અને સરળ બને છે. કબજિયાતથી બચાવે છે.

જીરૂ અપચો અને ગેસની તકલીફથી બચાવે છે. પાચનશક્તિ વધારે છે. લોખંડ ભરપૂર પ્રમાણમાં છે. વજન ઘટાડવામાં ઉપયોગી છે. ડાયાબિટીસના દર્દીઓ માટે પણ રાહતરૂપ છે.

ગુજરાતીઓ જે વઘારની ક્રિયા કરે છે પછી તે દાળ હોય, શાક હોય કે ફરસાણ રાઇ, મેથી અને હિંગ આ ત્રણ મસાલા તો અચૂક પડે જ. રાઇ, વાના દુખાવામાં રાહતરૂપ છે. નવા સંશોધન અનુસાર કેન્સરની ગાંઠોનો વિકાસ અટકાવે છે. તો બ્લડપ્રેશરથી પણ બચાવે છે. મેથી અને હિંગ વાયુના રોગોથી બચાવે છે. પાચન શક્તિ વધારે છે. અસ્થમાના દર્દીઓ માટે ઉપયોગી છે.

તજનો ઉપયોગ હૃદયને સ્વસ્થ રાખે છે. તેની સુગંધ અને સ્વાદથી ભોજનમાં રૂચિ વધે છે. તાજેતરના એક સંસોધન અનુસાર લોહીમાં સાકરના પ્રમાણને પણ નિયંત્રણમાં રાખે છે. એન્ટિબેક્ટેરિયલ છે. તો લવિંગ કફ નાશક, મુખ સંશોધક લવિંગ દાંતનાં દર્દોમાં પણ ઉપયોગી છે. ભોજનમાં સ્વાદ અને સુગંધ વધારી તેને રૂચિકર બનાવે છે.

ઉનાળામાં સિઝનના તરોતાજા મસાલા ભરી દઈએ તો ક્વોલિટી પણ સારી મળી રહે છે અને કિંમતમાં પણ ફાયદો થાય છે.



પ્રિયંકા ચોપરા ન્યૂયોર્કનાં રસ્તા પર કોઈ બિઝનેસ વૂમનનાં રૂપમાં જોવા મળી. આ સમયે તેણે બ્લેક એન્ડ સિલવર બિઝનેસ વૂમન ફેશન રજૂક રી હતી. પ્રિયંકાનાં આ આઉટફિટ રુલ્ફ એન્ડ રુશોએ ડિઝાઈન કર્યા છે.

અભિનેત્રી સોનમ કપૂરે જાહેરમાં સ્વીકાર્યું

પતિ અને બિઝનેસમેન આનંદ આહુજા તેનો સોથી મોટો ચિયરલીડર



મુંબઇ

અભિનેત્રી સોનમ કપૂર આહુજાએ જાહેરમાં સ્વીકાર્યું છે કે તેનો પતિ અને બિઝનેસમેન આનંદ આહુજા તેનો સોથી મોટો ચિયરલીડર છે. ફિક્કી લેડીઝ ઓર્ગનાઇઝેશનના ૩૫મા એન્યુઅલ ફંક્શન દરમિયાન સોનમે લૈંગિક સમાનતા વિશે વાત કરીને જણાવ્યું કે તેનો પતિ તેનો મોટો સમર્થક છે. સોનમે માહિતી આપી છે કે બોલિવૂડમાં તેને બરોબરીનું સ્થાન નથી મળ્યું પણ એક મહિલા જ સમજવામાં આવી હતી. મને બહુ જલ્દી આ વાતનો અહેસાસ થઈ ગયો હતો કે મહિલાઓએ બાંધછોડ કરવાની કોઈ જરૂર નથી.

પોતાના એક નિવેદનમાં સોનમે કહ્યું છે કે કલા સમાજનું પ્રતિબિંબ છે. લગ્ન પછી મારા પતિ મારા ચિયરલીડર છે. મને પોતાનું સમર્થન આપવા માટે તેમણે પોતાની સાથે મારું નામ જોડી લીધું અને તેઓ આનંદ સોનમ આહુજા બની ગયા.

ગયા વર્ષે લગ્ન કરનાર સોનમ સાથે આ ખાસ સેશનમાં ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાએ પણ હાજરી આપી હતી. કરિયરની વાત કરીએ તો સોનમની નેકસ્ટ ફિલ્મ ધ ઝોયા ફેક્ટર છે જેમાં તેની સાથે દલકેર સલમાન છે.

આ ફિલ્મની વાર્તા ઝોયા સોલંકી નામની છોકરીના સંઘર્ષની સ્ટોરી છે. આ ફિલ્મની સ્ટોરી લેખિકા અનુજા ચૌહાણની એક ફિક્શન પર આધારિત છે. આ એક રાજપૂત છોકરીની વાત છે જેનું નામ ઝોયા છે. હિંદુ છોકરીના મુસ્લિમ નામવાળી આ સ્ટોરી કોમેડી, ઈમોશન અને રોમાન્સથી ભરપુર છે.

દીપિકાને 'છપાક' માટે તૈયાર થવામાં ત્રણ ચાર કલાક લાગતા હતા



મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ હાલમાં તેની ફિલ્મ 'છપાક'ને લઈને ચર્ચામાં છે. તે ફિલ્મમાં એસિડ અટેક સર્વાઈવરનાં રોલમાં નજર આવવાની છે. તેનો લૂક હવે સૌની સામે છે.

ફિલ્મનાં સેટ પરની તસવીરો અવાર નવાર વાયરલ થઈ રહી છે. પણ હવે લૂકને લઈને એવી ડિટેઈલ સામે આવી છે કે જાણીને નવાઈ લાગશે. દીપિકાને આ લૂક મેળવવા મેકઅપ માટે ત્રણથી ચાર કલાકનો સમય લાગતો હતો. દીપિકા પહેલાં રિશી કપૂર, રિતિક રોશન, અમિતાભ બચ્ચન, આમિર ખાન, અક્ષય કુમાર, શાહરૂખ ખાન અને વિવેક ઓબેરોય પણ પ્રોસ્થેટિક મેકઅપ પ્રોસેસનો સહારો લઈ ચુક્યા છે.

ફક્ત મેકઅપ કરાવવામાં જ કલાકો નહોતા લાતા. પણ શૂટિંગ બાદ મેકઅપ ઉતારવામાં પણ ઘણો જ સમય લાગતો હતો. હવે આ સાંભળીને જ કહેવાય કે દીપિકાને 'છપાક' માટે કેટલી મહેનત કરવી પડી રહી છે.

ફિલ્મનો ફર્સ્ટ લૂક જાહેર થતા જ તે દર્શકોને પસંદ પડી રહ્યો છે. ફિલ્મને લઈને દીપિકા પણ એટલી જ એક્સાઈટેડ છે. આ ફિલ્મ ૧૦ જાન્યુઆરી ૨૦૨૦નાં રોજ રિલીઝ થશે. જેને મેઘના ગુલઝાર ડિરેક્ટ કરી રહ્યાં છે.

એક - બીજા વિરુદ્ધ પ્લાન બનાવતા હતાં: સચિન અને બ્રાયન લારાનો ખુલાસો



નવીદિલ્હી

સચિન તેંડુલકર અને બ્રાયન લારા. આ બે તે નામ છે, જેના નામે ક્રિકેટના અગણિત રેકોર્ડ છે. ૧૯૯૦ના દશકમાં તે ચર્ચા ક્યારે પૂર્ણ ન થઈ કે સચિન અને લારામાંથી મહાન કોણ છે? આખરે આ બંન્ને જ્યારે એકબીજા વિરુદ્ધ રમતા હતા, ત્યારે ડ્રેસિંગરૂમમાં શું વાતો થતી હતી કે શું પ્લાન બનાવતા હતા. સચિન તેંડુલકર અને બ્રાયન લારા બંન્નેએ રવિવારે આઈપીએલ મેચ પહેલા તેનો ખુલાસો કર્યો હતો. આ વાતચીતમાં બ્રાયન લારાએ સચિન તેંડુલકરને સર્વશ્રેષ્ઠ બેટ્સમેન પણ ગણાવ્યો હતો.

સચિન તેંડુલકર અને બ્રાયન લારાની આ વાતચીત ટીવી ચેનલ સ્ટાર સ્પોર્ટ્સ પર થઈ. એન્કરે એક સવાલ બંન્ને બેટ્સમેનોને પૂછ્યો. તેણે લારાને પૂછ્યું કે, જ્યારે મેચ ભારતમાં હોય અને ટીમમાં સચિન પણ હોય તો તેને રોકવા માટે શું પ્લાન બનાવવામાં આવતો હતો. આ સવાલ પર લારાએ કહ્યું, 'સચિન ધ બેસ્ટ બેટ્સમેન છે.' તેની વિરુદ્ધ કોઈપણ પ્લાન બનાવવો મુશ્કેલ હતો. તેથી અમે એકબીજાને માત્ર તે કહેતા હતા કે સચિનને ફુલ બેટથી ન રમવા દો, પરંતુ તેને અડધા બેટથી રમવા દો.

લારાએ પોતાના આ પ્લાનને સમજાવતા કહ્યું કે, સચિન ફાસ્ટ, મીડિયમ ફાસ્ટ અને સ્પિન બોલિંગ વિરુદ્ધ શાનદાર હતો. તેથી અમે પ્રયત્ન કરતા હતા કે તે સામેની બાજુ ઓછા શોટ ફટકારે. આમ કરવાથી તેને આઉટ કરવાની સંભાવના ઓછી થઈ જતી હતી. તેથી અમે એવી બોલિંગ અને ફીલ્ડિંગ સેટ કરતા હતા કે તે વિકેટની પાછળ વધુ રમે. તેનો અર્થ છે કે બેટની વચ્ચે શોટ રમતો નહતો, પરંતુ અડધા બેટથી શોટ ફટકારતો હતો. આખરે આ પ્લાન કેટલી વખત કામ કરતો હતો? આ સવાલ પર લારાએ કહ્યું કે, તે તો સચિન જણાવી શકશે. ત્યારબાદ સચિને કહ્યું કે, ઘણી વખત.

ત્યારબાદ સચિનને લારા વિશે પ્લાન પૂછવામાં આવ્યો. તેના પર સચિને કહ્યું, 'અમે એકબીજાને તે કહેતા હતા કે લારા સામે આવેશમાં ન આવો, એટલે કે, તેને છંછેડો નહીં.' તેને તેની રીતે રમવા દો. તે જ્યારે રન બનાવી લેશે ત્યારે ખુદ આઉટ થઈ જશે. લારા ટાઈગર છે. જો તેને છંછેડવામાં આવે કે ચેલેન્જ કરવામાં આવે તો આ ખેલાડી ડબલ ખતરનાક થઈ જાય છે. ત્યારે તે વિચારીને મેદાન પર ઉતરે છે કે, તેને દેખાડી દેવામાં આવે કે લારા કોણ છે. જો આમ થયું તો વાવાઝોડું આવે તે નક્કી હોય છે. તેથી લારાની વિરુદ્ધ એક જ પ્લાન થતો હતો કે લાઈન-લેન્થ પર બોલિંગ કરો પરંતુ તેને ક્યારેય ન છંછેડો.

ઊંઘી રહેલી મહિલા પર ક્રિકેટરે બળાત્કાર કર્યો હતો, હવે સાબિત થયો દોષિત



નવીદિલ્હી

ઈંગ્લિશ કાઉન્ટી ક્રિકેટમાં વૂસ્ટરશર તરફથી રમનાર ઓસ્ટ્રેલિયાનો એલેક્સ હેપબર્નને ઊંઘી રહેલી મહિલા પર બળાત્કાર કરવાનો દોષિત સાબિત થયો છે. આ ઘટના ૧ એપ્રિલ ૨૦૧૭ની છે. જ્યારે આ મામલામાં વૂસ્ટરશર કાઉન કોર્ટે ૨૩ વર્ષના હેપબર્નને દોષિત જાહેર કર્યો તો તે પોતાની સીટ પર બેસી ગયો હતો અને પોતાના હાથથી ચહેરો ઢાંકી દીધો હતો.

આ પહેલા આ ક્રિકેટરે મહિલા સાથે બળત્કારના આરોપને નકારતા કહ્યું હતુંકે તે મહિલાને પૂરી રીતે ખબર હતી કે શું થઈ રહ્યું છે. આ મામલામાં ૧૦ કલાક અને ૫૩ મિનિટની કાર્યવાહી પછી હેપબર્નને દોષિત માન્યો હતો. ઉલ્લેખનીય છે કે આ પહેલા પીડિતાએ જૂરીના સભ્યને બતાવ્યું હતું કે તેને એ ખબર ન હતી કે તે ૨૩ વર્ષના હેપબર્ન સાથે છે. તેને લાગ્યું હતું કે તે ક્લાર્ક સાથે ઊંઘી રહી છે. તેણે કહ્યું હતું કે હેપબર્નના વાળને અડ્યા પછી ખબર પડી હતી તે ક્લાર્ક સાથે ન હતી. પીડિતાના મતે હેપબર્ન મારી સુંદરતાના વખાણ કરવા લાગ્યો હતો અને તેને શારીરિક સંબંધ બનાવવા માટે મનાવવા લાગ્યો હતો. પણ તેણે ના પાડી દીધી હતી. જોકે આમ છતા તેણે જબરજસ્તી સેક્સ કર્યો હતું. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયામાં જન્મેલો ઓલરાઉન્ડર હેપબર્ન પોતાની ક્રિકેટ કારકિર્દી બનાવવા માટે ૨૦૧૩માં ઈંગ્લેન્ડ આવી ગયો હતો. જોકે આ ઘટના પછી તેને ક્રિકેટ કારકિર્દી બરબાદ થઈ ગઈ છે.

હું હોલિવૂડમાં જવાની આશા રાખુ છું: આલિયા ભટ્ટ

મુંબઇ

અભિનેત્રી આલિયા ભટ્ટે સાત વર્ષમાં પોતાને એક પાવરફુલ અભિનેત્રી તરીકે પોતાને સ્થાપિત કરી લીધા છે. હાલ તે મોટા નિર્માતાઓની સાથે કામ કરી રહી છે, તે સિવાય તે જલદી બાહુબલી ફેમ ડાયરેક્ટર એસએસ રાજામૌલીની ફિલ્મ ઈઈઈમાં નજરે પડવાની છે. જેમા જુનિયર એનટીઆર, રામચરણ તેજા મુખ્ય પાત્ર ભજવતા નજરે પડશે. આલિયા ભટ્ટે કહ્યું કે જો કોઇ સારી ઓફર મળશે તો તે હોલીવુડમાં પણ કામ કરવાનું પસંદ કરશે.

પ્રિયંકા અને દીપિકા પાદુકોણ જેવી અભિનેત્રી બોલીવુડની સાથે હોલીવુડમાં પણ તેની એક્ટિંગનો જલવો બતાવી ચૂકી છે. એવામાં આલિયાએ પણ હોલીવુડમાં જવાની ઈચ્ચા રાખે છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન આલિયાએ કહ્યું કે કોઈપણ નવી ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરવું મુશ્કેલ હોય છે. તેને કહ્યું કે હુ એક દિવસ અને જલદી જ હોલીવુડમાં જવાની આશા રાખું છું. કોઈપણ નવી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કરવુ સહેલું નથી હોતું જેટલું આપણે વિચારીએ છીએ. જેના માટે વધારે સમય લાગશે અને મને વધારે કામ કરવું પડશે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આલિયા ભટ્ટ હાલ કલંક ફિલ્મના પ્રોમશન કરવામાં વ્યસ્ત છે. આ મલ્ટીસ્ટારર ફિલ્મ છે. તેમાં વરુણ ધવન, આદિત્ય રોય કપૂર, સંજય દત્ત, માધુરી દીક્ષિત, કૃણાલ ખેમુ જેવા અભિનેતા નજરે પડશે.

સારા અલી રાજનીતિમાં પોતાનું કેરિયર બનાવવા ઈચ્છે છે



મુંબઈ

અમૃતા સિંહ અને સૈફ અલી ખાનની પુત્રી સારા અલી ખાને પોતાની પ્રથમ ફિલ્મ કેદારનાથથી બોલીવુડમાં ધમાલ મચાવી દીધી છે. ફિલ્મએ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી હતી. સારાને તેના હાજર જવાબીપણાને કારણે ઓળખવામાં આવે છે. તે ઓડિયન્સનું દિલ જીતવામાં સફળ રહી છે. હવે સારાએ એક ઈન્ટરવ્યૂમાં રાજનીતિમાં એન્ટ્રીને લઈને વાત કરી છે. તેણે જણાવ્યું કે, તે ક્યારેય રાજનીતિમાં આવશે કે નહીં.

એક અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે, સારા અલી ખાને કહ્યું- હું જીવનમાં આગળ ચાલીને રાજનીતિમાં મારૂ કરિયર બનાવવા ઈચ્છું છું. પરંતુ અભિનય હંમેશા મારી પ્રાથમિકતા રહેશે. ભવિષ્યમાં હું રાજનીતિમાં સામેલ થવા ઈચ્છું છું. મહત્વનું છે કે સારાએ કોલંબિયા યૂનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. વર્ક ફ્રન્ટ પર સારા ઈમ્તિયાઝ અલીની ફિલ્મ લવ આજ કાલની સીક્વલમાં જોવા મળશે. ફિલ્મમાં કાર્તિક આર્યન તેના વિરોધી રોલમાં હશે. ફિલ્મના દિલ્હી શેડ્યૂલનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. આ સિવાય વરૂણ ધવનની અપોઝિટ ફિલ્મ કૂલી નંબર ૧માં જોવા મળશે. સારાએ આ વર્ષે ફિલ્મફેયર ડેબ્યૂ અભિનેત્રીનો એવોર્ડ પણ જીત્યો છે. સારાના ફેન્સ તેની આગામી ફિલ્મની રાહ જોઈ રહ્યાં છે. આ દિવસોમાં સારા ન્યૂયોર્કમાં બેસ્ટ ફ્રેન્ચ સંગ રજાઓ માણી રહી છે. તેની રજાઓના ઘણા ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ છે. વેકેશન પર સારા અલી ખાનની એમેઝિંગ ફેશન સેન્સ પણ જોવા મળી રહી છે. તસ્વીરમાં સારા અલી ખાનની તેના મિત્રો સાથે બોન્ડિંગ જોવા મળી રહી છે.



આગામી હિન્દી 'કલંક'નો હાલ જોરદાર રીતે પ્રચાર ચાલી રહ્યો છે. ફિલ્મના કલાકારો - વરુણ ધવન, માધુરી દીક્ષિત, આદિત્ય રોય કપૂર, આલિયા ભટ્ટ અને સોનાક્ષી સિન્હાએ મુંબઈમાં આ રીતે વિવિધ પોઝ આપ્યાં હતાં. 'કલંક' ફિલ્મ આવતી ૧૭ એપ્રિલે રિલીઝ થવાની છે. ફિલ્મમાં સંજય દત્ત અને કુણાલ ખેમૂની પણ મહત્ત્વની ભૂમિકા છે.

વિવિધ પડતર પ્રશ્ને નર્મદાના સમગ્ર શિક્ષા અભિયાનના કર્મચારીઓ દ્વારા આજે ફરી ઉચ્ચ કક્ષાએ આવેદન આપી રજુઆત



ગત માર્ચ મહિનાં નર્મદા કલેક્ટર, નાંદોદ ધારાસભ્યને આવેદન પત્ર આપ્યા બાદ હાલ રાજ્ય સભા સાંસદ નારણભાઈ રાઠવાને રજુઆત

રાજપીપળા : નર્મદા જિના સમગ્ર શિક્ષા અભિયાનના કર્મચારીઓએ માર્ચ મહિનામાં નર્મદા જિલ્લા કલેક્ટર અને નાંદોદ ધારાસભ્ય પી ડી વસાવાને આવેદનપત્ર આપી તેમના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી છતાં તેમના પ્રશ્નો નો ઉકેલ ન આવતા આજે આ મુદ્દે રાજ્ય સભાના સંસદ અને માજી રેલ મંત્રી નારણભાઈ રાઠવાને આવેદન આપ્યું હતું .

સમગ્ર શિક્ષા અભિયાન કર્મચારી મંડળ - નર્મદાના પ્રમુખ હેમંત બારોટ અને મંત્રી હિતેન્દ્ર રાઠોડ એ આવેદન આપતા જણાવ્યું કે આ યોજના સરકારી હોવાના કારણે આ યોજનામાં ચાવીરૂપ કામગીરીનું સંચાલન કરાર દ્વારા નિમણૂક પામેલા કર્મચારીઓને વર્ષ ૨૦૦૧થી સમાન કામ સમાન વેતન, જોબ સિક્યુરિટી કે સરકાર તરફથી મળવાપાત્ર તમામ લાભો મળતા નથી ઉપરાંત અન્ય કર્મચારીઓના પગાર કરતા ગુજરાત રાજયમાં આ શાખાના કર્મચારીઓનો પગાર ખૂબ જ ઓછો છે ઉપરાંત કેટલાક રાજ્યોમાં આ કર્મચારીઓને કાયમી નિમણૂક આપવામાં આવી છે. જે હજુ ગુજરાતમાં અપાઈ નથી માટે આ રજુઆત ઉપર સુધી પોહચાડી યોગ્ય ન્યાય અપાવવા આવેદન આપ્યું ત્યારે નારણભાઈ રાઠવા- સંસદ રાજયસભા, હરેશભાઈ વસાવા- ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી અને છોટાઉદેપુર લોકસભાભ ઉમેવાર રણજીતસિંહ રાઠવાની ઉપસ્થિતીમાં આ રજુઆત કરી હતી.

ભરૂચ તાલુકા પો.સ્ટે.ના મારા-મારીના ગુનામા નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ યુડાસમા નાઓ તરફથી ભરૂચ જીલામાં નાસ્તા ફરતા વોન્ટેડ આરોપી શોધી કાઢવા મળેલ સુચના અન્વયે ભરૂચ એલ.સી.બી ના પોલીસ ઈન્સપેકટર જે.એન.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ના પો.સ.ઈ વાય.જી.ગઢવી

તેમજ ટીમના પોલીસ માણસો અંકલેશ્વર રૂરલ પો.સ્ટે વિસ્તારમા પટ્રોલિંગમાં હતા દરમ્યાન હે.કો. અજયભાઈ રણછોડભાઈ ને બાતમી હકીકત મળેલ કે, ભરૂચ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં-૧૫૩/૨૦૧૯ઈ.પી.કો.ક-, ૩૨૪, ૩૨૫, ૫૦૪, તથા ૬. .૪૮૧- ૧૩૫ મુજબના ગુનાના કામનો 'નાસતો-ફરતો આરોપી લક્ષ્મણભાઈ બાલુભાઈ વસાવા રહે ટેકરા ફળીયુ ધંતુરીયાગામ તા અંકલેશ્વર જી ભરૂચ નાઓ ધંતુરીયા ગામે તેઓના ઘરે આવવાના છે જે મળેલ હકીકત આધારે વોચમા રહી નાસતા-ફરતા આરોપી લક્ષ્મણભાઈ બાલુભાઈ વસાવા ઉવ આ ૨૪ રહેટેકરા ફળીયુ ધંતુરીયાગામ તા અંકલેશ્વર જી-ભરૂચ નાને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી અંક્લેશ્વર રૂરલ પો.સ્ટે. મા સોંપવામાં આવેલ છે અને આગળ ની કાર્યવાહી સારૂ ભરૂચ તાલુકા પો.સ્ટે.મા જાણ કરવામા આવેલ છે.

આપ 'ચોકીદાર' શબ્દ રોજ સાંભળો છો.. પણ એ જાણો છો કે આ નામના દેવનું મંદિર પણ છે ....?



રાજપીપળા : હાલમાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતાને ચોકીદાર કહે છે ત્યારથી ×ચોકીદાર× શબ્દની રાજકારણમાં ભારે બોલબાલા છે.એક તરફ ભાજપ કેમ્પઈન ચાલી રહ્યુ છે. મે ભી ચોકીદાર અને બીજી તરફ કોગ્રેસ દ્વારા ×ચોકીદાર ચોર હૈ× નું કેમ્પેઈન ચાલે છે. ત્યારે

જાણીને આશ્ચર્ય થશે કે ગુજરાતમાં એક એવી જગ્યા છે કે જયાં ચોકીદાર દેવનું મંદિર છે. જયાં સાચા અર્થમાં ભક્તો દૂર દૂરથી ચોકીદાર દેવના દર્શન કરવા માટે આવે છે.

નર્મદા જિલ્લાના દેડિયાપાડાના દેવ મોગરા ખાતે આવેલ ચોકીદાર દેવનું મંદિર અને દેવને સ્થાનિકો દેવદરવાણી। કાળીયાભૂત અથવા ચોકીદાર દેવ કહે છે.આ ચોકીદાર દેવનું મંદિર છે આ મંદિર એટલા માટે બનાવવામાં આવ્યુ છે કે, આ મંદિરથી થોડે દૂર આદિવાસીઓની કુળદેવી પાંડોરી માતાનું મંદિર આવેલુ છે અને ત્યાં પહેલા એક દેવનુ મંદિર છે અને આ દેવ રક્ષક મનાય છે. રક્ષક એટલા માટે મનાય છે કે, માતાના મંદિરે જતા પહેલા લોકો આ માતાજીના રક્ષકની પૂજા અર્ચના ખાસ કરે છે. પછી દોવમોગરા માતાના મંદિરે જાય છે.આ વર્ષો જુની પરંપરા છે જેના કારણે અહીંયા ગુજરાત જ નહીં મધ્યપદેશ,મહારાષ્ટ્રથી મોટી સંખ્યામાં આવનારા શ્રદ્ધાળુઓ ચોકીદાર દેવની પૂજા- અર્ચના ખાસ કરે છે અને ચોકીદાર દેવના નમન કરી અને તેની મંજુરી મેળવ્યા બાદ જ તેઓ દેવમોગરા માતાના દર્શન કરવા માટે જાય છે.

શ્રદ્ધાળુઓ પણ કહે છે કે આ ચોકીદાર મંદિરમાં દર્શન કરવા ખૂબ જ આવશ્યક છે. કારણ કે, દેવમોગરા માતાના દર્શન કરવા માટે આ ચોકીદાર દેવના દર્શન કરી મંજુરી લેવી પડે પછી જ આગળ જવાય છે.દેવદરવાણિયા ચોકીદાર મંદિરે લોકો દૂર દૂરથી આવી રહ્યા છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં પણ એક અલગ જ રંગ જોવા મળતો હોય છે. હાલમાં ચોકીદારની બોલબાલા છે ત્યારે ચોકીદારનું પણ મંદિર છે કે જયાં ભક્તો દૂર દૂરથી આવીને દર્શન કરે છે.

ડો. આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતી પ્રસંગે મેઘવાળ સમાજ બીટ્ટા દ્વારા 'ભીમરેલી'નું આયોજન કરવામાં આવ્યું



ભુજ કચ્છઃ ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતી પ્રસંગે મેઘવાળ સમાજ બીટ્ટા દ્વારા ×ભીમરેલી×નું આયોજન કરવામાં આવ્યું હતું. મહામાનવ ડો.બાબા આંબેડકર જન્મ જયંતી પ્રસંગે મેઘવાળ સમાજ બીટ્ટા દ્વારા બીટ્ટા ખાતે ×ભીમરેલી×નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ×ભીમરેલી×માં મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહીને આ રેલીને સફળ બનાવી હતી. કચ્છમાં ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી ઉજવણી ઠેર ઠેર કરવામાં આવી હતી ત્યારે બીટ્ટા ખાતે ×ભીમરેલી×નું આયોજન કરવામાં આવ્યુ હતુ ત્યાર બાદ બીટ્ટાથી લઈને બાલાપર, ખાનાય, વમોટી નાની, વમોટી મોટી, કંઢાય, મોથાળા, ભવાનીપર, રવા, બીટીયારી, ભાચુંદા, તેરા, હમીરપર, ધુફી નાની - મોટી સુધી બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભવ્ય ×ભીમરેલી× તથા બાઇક રેલી જય ભીમ નમો બુદ્ધાય ના નારાથી ગુંજી ઉઠી હતી. ડૉ.બાબાસાહેબ આંબેડકરના ગીતો દ્વારા ભીમરેલીમાં યુવા વર્ગથી લઈને વડીલો ઝૂમી ઉઠ્યા હતા. આ ×ભીમરેલી×માં પુરૂષોતમ ગોરડિયા,હિરજી સીજુ, હરિલાલ કુંવટ,રમેશભાઈ મહેશ્વરી, હિરજી પી સીજુ,અનિલ યાદવ વક્તવ્યો આપ્યા હતા.

આ ×ભીમરેલી×ના આયોજક મેઘવાળ સમાજના ગોરડીયા સામત,વીરજી મહેશ્વરી, પ્રવીણ માતંગ, વિક્રમ મહેશ્વરી, બળીયા જગદીશ, શિવજી ભરાડીયા, ભાવેશ મહેશ્વરી, હરેશ મહેશ્વરી, લાલજી મહેશ્વરી, કાનજી જેપાર, કાનજી બોઈયા, મહેશ્વરી કાનજી રહ્યા હતા. આ ભીમરેલીના સંપર્ક સૂત્રો ભરત જેપાર, આચાર ગોરડીયા, પેરાજ મહેશ્વરી , વિશ્રામ યાદવ, રાજેશ મારું રહયા હતા.

ભરૂચ સિવિલ હોસ્પિટલમાં બની હાસ્યાસ્પદ ઘટના



ભરૂચ સિવિલમાં આજે બનેલી એક હાસ્યાસ્પદ ઘટનામાં એક બાઈક ચાલક પોતાની પત્નીને લઈ સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટરમાં ઘુસ્યા એ પણ બાઈક સાથે ઘુસતા સિવિલ પર હાજર પોલીસ કર્મી એ ત્યાં દોડી આવી બાઈક ચાલક દંપતીને બાઈક સમેત બહાર કાઢ્યા હતા ત્યારે આ ઘટના જોનારા સૌ હસવા લાગ્યા હતા.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર આજરોજ બપોરના સુમારે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે એક કાકા પોતાની પત્નીને લઈને સિવિલ ઉપર આવ્યા તે દરમિયાન બાઈક લઈ આવેલા કાકા દ્વારા બાઈકને પાર્કિંગમાં પાર્ક કરવાને બદલે બાઈકને લઈને સીધા ભરૂચ સિવિલ હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં અંદર ઘુસી ગયા હતા.બાઈક લઈને અંદર આવતાજ બે મિનિટ માટે લોકો સ્તબ્ધ થઈ ગયા હતા.જોકે સિવિલ પર હાજર પોલીસ કર્મી જસવંતભાઈ દ્વારા આ કાકાને સમજાવીને બાઈક સાથે સિવિલ હોસ્પિટલની બહાર કઢાય હતા.

આ ઘટના બનતાની સાથે ત્યાં હાજર કેટલાય લોકો તથા સિવિલ હોસ્પિટલના સ્ટાફમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.ત્યારે લોકોના મુખે એકજ વાત સંભળાતી હતી કે આવા પણ નમૂના હોય છે આપણા દેશમાં ....?!

ભીમરાવ ગ્રુપ દ્વારા ડો. આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે મહા શોભાયાત્રા



બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડો.ભીમરાવ રામજી આંબેડકરની ૧૨૮મી જન્મજયતિએ સમગ્ર ભારતની સાથે કચ્છ જિલ્લામાં પણ ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો, ત્યારે આ ખુશાલીના પ્રસંગને વધાવી લેવા માટે ભીમરાવ ગ્રુપ દ્વારા મહાશોભાયાત્રાનું ૧૪મી એપ્રિલે સવારે આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં બહુજનો જોડાયા હતા.

ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિની ભીમરાવ ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪મી એપ્રીલના મહાશોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે આઠ કલાકે ભીમરાવ ગ્રુપના પ્રમુખ મનોજભાઈ મારવડાના અધ્યક્ષસ્થાને સમાજના આગેવાનો ,ઉપસ્થિત મહેમાનો દ્વારા શોભાયાત્રાને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. મહાશોભાયાત્રા ભીમરાવનગર ખાતેથી શરૂ થઈને શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી વળી હતી. જય ભીમ ,નમો બુદ્ધાય, બહુજન હમ એક હૈના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઓરકેસ્ટ્રા પ્રાર્ટી અને બહુજન સમાજના કલાકારો દ્વારા બાબા સાહેબના ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.જેના તાલે શોભાયાત્રાના યુવા વર્ગથી લઈને વડીલો ઝુમી ઉઠ્યા હતા, જે શોભાયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

આ મહાશોભાયાત્રામાં ઓરેકસ્ટ્રામાં આવેલા કલાકારો મુકેશભાઈ મારૂ, બી.સી. વાઘેલા, રાજેશ ગરવા, પ્રવીણ મહેશ્વરી, પ્રવીણ ચૌહાણ,મહેશ મારવાડા દ્વારા અહીં પોતાની સેવા આપી હતી.

આ તકે ઓરેકસ્ટ્રાના કલાકારોએ જણાવ્યું હતું કે ૩૬૫ દિવસ તો અમને કમાવા માટે છે જ પરંતુ બાબા સાહેબને અનુલક્ષીને કોઈ પણ કાર્યક્રમ હશે ત્યાં અમે નિઃશુલ્ક સેવા આપશું અને ૩૬૫ દિવસ સેવા આપશું .તેમની આ સેવાને ભીમરાવ ગ્રુપે બિરદાવી હતી અને આવા કલાકારો સમાજ માટે આદર્શરૂપ અને પ્રેરણા રૂપ છે તેવું આ તકે જણાવવામાં આવ્યું હતું.

મહાશોભાયાત્રામાં હરીભાઈ શીવજી બુચીયા દ્વારા શરબતનો સ્ટોલ રાખવામાં આવ્યો હતો, જ્યારે ભુજના ખાટકી ફળીયામાં રહેતા જગદીશભાઈ બડીયા પરિવાર દ્વારા ઠંડી છાસનો સ્ટોલ રાખવામાં આવ્યો હતો. હરીભાઈ બુચીયા અને જગદીશભાઈ બડીયાની આ કામગીરીની ભીમરાવ ગ્રુપે સરાહના કરી હતી અને આભાર વ્યક્ત કર્યો હતો.

મહાશોભાયાત્રા શહેરના રાજમાર્ગો પર ફરી વળી અને બાબા સાહેબની પ્રતિમા પાસે પહોંચી હારારોપણ કરી અને પૂર્ણાહુતિ કરાઈ હતી. ભીમરાવગ્રુપ દ્વારા આયોજીત મહાશોભાયાત્રાને સફળ બનાવવા માટે કચ્છના મેઘવાળ સમાજ તથા કચ્છના વિવિધ બહુજન સમાજના સંગઠનોનો સાથ સહકાર સાપડ્યો હતો.આ તકે પ્રમુખ મનોજભાઈ મારવાડાએ તમામનો આભાર માન્યો હતો અને આગામી દિવસોમાં શિક્ષણને લગતો એક જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજવાની જાહેરાત કરી હતી.

કામરેજના વાવ ગામે બુટલેગરના ઘરમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

સુરત

કામરેજ તાલુકાના વાવ ગામના ભાલીયાવાડ ખાતે દંપતિ બુટલેગરના મકાનમાં પોલીસે દરોડા પાડી વગર પાસ પરમીટ ઇંગ્લિશ દારૂની વ્હીસ્કીની કુલ ૧૭૨૮ નંગ બોટલો કબજે કરી હતી. દારૂની કુલ કિંમત રૂા.૮૬૪૦૦ છે. પોલીસના દરોડા દરમ્યાન ભાલીયા બુટલેગર દંપત્તિ મુદ્દામાલ મૂકીને ફરાર થઈ ગયા હતા. કામરેજ પોલીસે પ્રોહિબીશન એક્ટનો ગુનો નોંધી બુટલેગર દંપતિની શોધખોળ શરૂ કરી છે.

કામરેજના વાવ ગામના ભાલીયાવાડના ટાંકી ફળીયામાં કામરેજ પોલીસે દરોડા પાડી વગર પાસ પરમીટ ઇંગ્લિશ દારૂની વ્હીસ્કીની કુલ ૧૭૨૮ નંગ બોટલો કિંમત રૂા.૮૬૪૦૦ની મતા કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ તાલુકાના વાવ ગામના ભાલીયાવાડ ખાતે નાથુભાઈ ભાલીયા તથા તેમના પત્ની દક્ષાબેન રહે છે.

સરથાણામાં મોબાઈલની માથાકૂટમાં વિદ્યાર્થી પર ચપ્પુ વડે જીવલેણ હુમલો

સાત જણાએ વિદ્યાર્થી પર ચપપુના ઘા ઝીંકી દીધા

સુરત

સરથાણામાં મોબાઈલ ફોનમાં થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખી સાત જણાએ એક યુવકને ચપ્પુના ઘા મારી હત્યાની કોશિશ કરી હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સરથાણા શ્યામધામ ચોક સરસ્વતી સોસાયટીમાં રહેતા અને અભ્યાસ કરતા મિતકુમાર મુકેશભાઈ સાકડા સેરીયાએ આરોપી એસ.બી. પટેલ ઉર્ફે કાઠીયાવાડી, પાર્થ રાટોડ, વિજય મોગલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી અને આરોપી મિતકુમાર વચ્ચે મોબાઈલ ફોન પર બોલાચાલી થઈ હતી. જેનુ મનદુઃખ રાખી મોટર સાઈકલ અને કારમાં આવી આરોપીઓએ દિવાળીબા નગર, હનુમાનજી મંદિર પાસે ફરિયાદી મિતકુમારને આંતરી છરીના ઘા ઝીંકી હત્યાની કોશિશ કરી હતી. સરથાણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

રાજપીપળા નજીક વાહન ચેકીંગ કરતી પોલીસ પર મારી નાખવાના ઈરાદે વાહન ચઢાવવાનો નિષ્ફળ પ્રયાસ

જોકે જીઆરડી અને હોમગાર્ડ સાઈડમાં કૂદી જતા ગાડી પોલીસ ચોકીમાં ઘૂસાડી દેતા નુકસાન

રાજપીપળા : નર્મદા જિલ્લામાં હાલ ચૂંટણીને લઈને ઠેર ઠેર ચેકીંગ ચાલી રહ્યું છે ત્યારે ગતરોજ રાજપીપળા નજીકની મોવી ત્રણ રા ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગ કરી રહેલી પોલીસ અને અન્ય ટિમ ઉપર એક વાહન ચાલકે વાહન ચઢાવવા નો નિષ્ફળ પ્રયાસ કરતા એની વિરુદ્ધ ફરિયાદ થવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નેત્રંગ તરફથી રાજપીપળા તરફ આવી રહેલી એક ટાટા કંપનીની છઝઈ૨ૈ વ્સ્ત્ન ૧૬ છેં ૧૧૬૨ ગાડીના ચાલક દિલીપ પ્રતાપભાઈ વસાવા રહે.વાંદરવેલી તા.નેત્રંગજી એ ડ્રાઇવીંગલાયસંસ વગર તેના કબ્જાની ગાડી નેત્રંગ તરફ થી હંકારી રાજપીપલા તરફ જવાના રોડ ઉપર આવતા મોવી ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગની કામગીરી માટે બેરીકેટ મુકી વાહન ચેકીંગની કામગીરી કરતા પોલીસ, હોમ ગાર્ડ તથા જી.આર.ડીના માણસો દ્વારા વાહનને ઉભા રાખવા માટે વાહનના ચાલકને ફાઇબરની લાકડી તથા હાથનો ઈશારો તથા વ્હીસલ વગાડી જણવાતા તેણે ગાડીની સ્પીડ ઈરાદા પુર્વક વધારી ફરીયાદીનુ મોત નીપજાવવાના ઈરાદે ગાડી તેના ઉપર લઈ આવતા ફરીયાદી સાઈડમા કુદી જતા પોર્ટહટ (પોલીસ ચોકી) આગળ વાહન ચેકીગ માટે ઉભેલ હોમગાર્ડનુ પણ મોત નીપજાવાના ઈરાદે એકદમ ગાડી ઈરાદા પુર્વક ઉપર નાખતા હોમગાર્ડ માણસો પણ સાઈડમા કુદી જતા ગાડી પોર્ટાહટ (પોલીસ ચોકી) આગળના ભાગે ઘૂસાડી દઈ ચોકીમાં નુકસાન કરતા પોલીસે આ બાબતે ચાલાક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે .

વધુ એક એટીએમ કાર્ડ ધારક સાથે ૬૦ હજારની છેતરપિંડી

રૂા. ૮ હજાર ઉપાડ્યા અને મોબાઈલ પર રૂા. ૬૮ હજારનો મેસેજ આવ્યો

સુરત

પુણા પાટિયા આઈસીઆઈસીઆઈ બેંકના એટીએમમાંથી ૬૮ હજાર રૂપિયા ઉપડી જતા એટીએમ કાર્ડ ધારકે પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈટી એકટ તથા ૪૨૦ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ મધ્યપ્રદેશ રાજ્યના મોરેના જિલ્લાના વતની અને હાલમાં દેવધ ગામના આનંદી હાઈટ્સ ખાતે દર્શન ભગીરામ બગેલ રહે છે. ગત તા. ૩ ઓક્ટોબર-૨૦૧૮ના રોજ તેઓ પુણા પાટિયા પાસે આવેલા આઈસીઆઈસીઆઈ એટીએમમાં ૨૦ હજાર રૂપિયા ઉપાડવા ગયા હતા. ત્યારે ૨૦ હજાર રૂપિયા ઉપાડવા એટીએમ સમર્થ નથી તેવું આવતું હતુ. ત્રણ-બ્ત્રણ વાર આવુ લખાણ આવ્યા બાદ ચોથી વાર તેમને ૮ હજાર રૂપિયા લખીને પ્રોસેસ કરતા થોડા સમય પછી મોબાઈલમાં મેસેજ આવ્યો હતો કે ૬૮ હજાર રૂપિયા રોકડા રૂપિયા ઉપડી ગયા છે. પુણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જીતનગર ખાતે અંદાજે ૭૨૦ જેટલા પોલીસ જવાનોનું પોસ્ટલ બેલેટ મતદાન યોજાયું



રાજપીપળામાં જીતનગર પોલીસ હેડક્વાર્ટસ ખાતે પોલીસ હેડક્વાર્ટસનાં અંદાજે ૭૨૦ જેટલાં જવાનો માટે પોસ્ટલ બેલેટ પેપરથી મતદાન યોજાયુ,જિલ્લા ચૂંટણી અધીકારી આઇ.કે. પટેલે જીતનગર ફેસીલીટેશન સેન્ટરની મુલાકાત લઇ મતદાન પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું આ મુલાકાત દરમિયાન જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એ.આઇ. હળપતિ, પોસ્ટલ બલેટનાં નોડલ અધિકારી અને બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સીટીના રજીસ્ટ્રાર વિજયસિંહ વાળા, પોસ્ટલ બેલેટનાં મદદનીશ નોડલ અધિકારી અને ઈ એસ.આર. ચૌધરી વગેરે પણ તેમની સાથે જોડાયાં હતાં.

દક્ષિણ ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સ સર્જાયું સોનગઢ, વાંસદા અને વઘઈમાં વરસાદ

નવસારી, તાપી અને ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદના ઝાપટા પડતા કેરીનો પાક કરતા ખેડૂતોમા વ્યાપેલી ચિંતા

અમદાવાદ

રાજયમાં એપ્રિલનો આકરો તાપ થોડા દિવસો માટે તેનો પ્રકોપ થોડો ઓછો કરશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરોથી રવિવાર સાંજથી વાતાવરણમાં પલટો આવ્યો છે. ગઈકાલે રાતે નર્મદાનાં સાગબારા અને ડાંગ-વઘઈ તાલુકામાં અનેક જગ્યાએ માવઠું થયું હતું. ઉકળાટ અને બફારા બાદ અચાનક વરસાદ પડતાં એકબાજુ લોકોએ હાસકારો અનુભવાયો હતો પરંતુ ખેડૂતોની ચિંતામાં વધારો થયો હતો. ખેડૂતોનાં ઊભા પાક અને કેરીનાં પાકને નુકસાન થવાની ભીતીથી તેઓની મુશ્કેલી વધી ગઇ હતી. આજે સવારે પણ ત્યાં વાદળછાયુ વાતાવરણ હતું.રવિવારે

હવામાન વિભાગનાં જણાવ્યાં પ્રમાણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સાથેનો ટ્રફ સૌરાષ્ટ્ર-કચ્છના દરિયા કિનારા સુધી લંબાઇ ગયો છે. ટ્રફની જમણી બાજુના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. જેના કારણે રાજયમાં ૧૪મી તારીખથી ૧૭મી સુધી રાજયમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતાઓ રહેલી છે.

નવસારી જિલ્લાના વાંસદામાં વાતાવરણમાં પલટો આવતા વરસાદી માહોલ સર્જાયો છે. વાંસદામાં માવઠું થતા વરસાદી માહોલથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે. માવઠાને કેરીના પાકને વ્યાપક નુકશાન થવાની ભીતિ છે. આ ઉપરાંત સોનગઢ વિસ્તારમાં પણ સવારથી વાદળછાયું વાતાવરણ છે. ગતરોજ રાત્રી દરમ્યાન વરસાદી છાટા પડ્યા હતાં. આખા દિવસમાં વરસાદ પડવાની શક્યતા પણ સેવાઇ રહી છે. આ સાથે કરછ ગાંધીધામ ભુજ સહિત કચ્છના મોટા ભાગના વિસ્તારોમાં વાતવરણ પલટાયું છે. અચાનક ભારે પવન ફૂંકાતા વાતવરણમાં ઠંડક પ્રસરી ગઇ છે. કંડલામાં અને આસપાસના વિસ્તારમાં ભારે પવન પણ ફૂંકાયો હતો. નર્મદાનાં સાગબારા પંથકમાં ૧૫થી ૨૦ મિનિટ સુધી સતત ચાલુ રહ્યો હતો. જ્યારે વઘઈ તાલુકાના સાકરપાતડ અને રંભાસ ગામમાં વરસાદી માહોલ સર્જાઈને મોડી રાત્રે હળવો વરસાદ પડ્યો હતો.

દક્ષિણ ગુજરાતમાં વાદળા છવાયા તાપમાનનો પારો ૪૦ ડીગ્રી ઉપર

પવનની ગતિ મંદ પડતા અસહ્ય ગરમીનો અનુભવ

સુરત

એપ્રિલ મહિનાના ત્રીજા સપ્તાહની શરૂઆત સાથે જ દક્ષિણ ગુજરાતમાં ગરમીનો પારો વધી ગયો છે. સાપુતારામાં કમોસમી વરસાદ બાદ વાદળછાયુ વાતાવરણ છતા ગરમીથી અસહ્ય બફારો અને ઉકળાટ નીકળતા ઉનાળાનો તાપ અનુભવાઈ રહ્યો છે. આગામી એક-બે દિવસ બાદ ઉત્તર દિશાથી પવન ફુંકાવાની સાથે ગરમી વધશે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૪૦.૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૬.૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૦ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી પવનની ગતિ મંદ પડી છે. નવસારીમાં આજે અધિકતમ તાપમાન ૩૮.૩ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૦ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં અધિકતમ તાપમાન ૩૬.૯ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩.૬ ડીગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતનું ગીરીમથક સાપુતારા ખાતે કમોસમી વરસાદ બાદ અસહ્ય ગરમી નીકળી છે. ઉકળાટ અને બફારો જોતા આગામી એક બે દિવસ બાદ પવનની દિશા ઉત્તર તરફની થવાની સાથે ગરમીનો પારો વધશે.

કારમાંથી મ્યુઝીક સીસ્ટમની ચોરી

સુરત

ઉમરા-ઈચ્છાનાથ ખાતે પાર્ક કરેલી એક કારમાંથી મ્યુઝીક સીસ્ટમની ચોરી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે સાક્ષીઓના નિવેદનો નોંધી તપાસ શરૂ કરી છે. ઈચ્છાનાથ એસકે પાર્ક ખાતે એડવોકેટ કિરિટ કુમાર મગનલાલ બ્રહ્મભટ્ટ રહે છે. તેઓની કાર જીજે-૦૫-આરઈ-૫૪૪૬માંથી ૯૫૦૦ રૂપિયાની મ્યુઝીક સીસ્ટમની ચોરી કોઈ અજાણ્યા ઈસમે આગળની બારીનો કાચ તોડીને કરી ફરાર થઈ ગયો હતો. એડવોકેટ કિરિટ બ્રહ્મભટ્ટે ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સાક્ષીઓના નિવેદનો નોંધી તપાસ શરૂ કરી છે.

સુરત લોકસભા બેઠકની ચૂંટણી

મતદાનનો દિવસ નજીક આવતા ચૂંટણી તંત્રની વ્યવસ્થા સંપન્ન

સુરત

મતદાનના આડે ગણતરીના નવ દિવસ બાકી છે, ત્યારે મતદાનના દિવસની કામગીરીને આખરી ઓપ આપવા માટે સુરત જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી ડો.ધવલ પટેલ તથા પો. કમિ. સતીષ શર્મા સતત બેઠકોનો દોર યોજી રહ્યા છે.

લોકસભાની ચૂંટણીના મતદાન આડે હવે ગણતરીના નવ દિવસ બાકી છે ત્યારે સુરત જિલ્લા કલેક્ટર અને મુખ્ય ચૂંટણી અધિકારી કચેરીમાં ધમધમાટ જોવા મળે છે. મતદાનના દિવસની કામગીરીને આખરી ઓપ આપવા માટે સુરત જિલ્લા મુખ્ય ચૂંટણી કચેરીના અધિકારી કર્મચારીઓ સતત બેઠકોમાં પણ વ્યસ્ત છે. મતદાનના દિવસે ફરજ બજાવનારા કર્મચારીઓને કામગીરી સોંપવાના ઓર્ડરોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. બીજી તરફ પોલીસ કમિ. સતીષ શર્મા પણ પોલીસ અધિકારીઓ સાથે સતત બેઠકો યોજી પોલીસ બંદોબસ્ત વ્યવસ્થા ગોઠવણમાં વ્યસ્ત છે. મતદાનના દિવસે આઠ હજારથી વધુ પોલીસ કર્મીઓ ખડે પગે તૈનાત રહેશે. ખાસ કરીને સુરત શહેર અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો અને આસપાસના વિસ્તારોમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. મતદાનના દિવસ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેર જળવાઈ રહે, એ માટે બહાર ગામથી મગાવવામાં આવેલી એસઆરપી, રેપીડ એકશન ફોર્સ સહિતની પોલીસ ટીમો ધીમે ધીમે સુરત આવી રહી છે. આમ સુરત જિલ્લા ચૂંટણી વિભાગ અને પોલીસ તંત્રમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

જહાંગીરપુરા રોડ પર ધારાસભ્ય મુકેશ પટેલનો મોબાઈલ લૂંટવાનો પ્રયાસ

ચીલઝડપથી ઘટનામાં મુકેશ પટેલ જમીન પર પટકાયા : બન્ને લૂંટારૂઓને ઝડપી પાડયા

સુરત

ઓલપાડના બીજેપીના ધારાસભ્ય મુકેશ પટેલ સાથે ચીલઝડપની ઘટના બની છે. આ ઘટનામાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. ચીલઝડપની ઘટના દરમિયાન ધારાસભ્ય જમીન પર પટકાયા હતા, જેના કારણે તેમને ઈજા પહોંચી છે. નોંધનીય છે કે ફેબ્રુઆરી મહિનામાં મોટા વરાછા વિસ્તારમાં મુકેશ પટેલ વિરુદ્ધ બેનર લાગ્યા હતા. આ બેનરમાં પણ આ વિસ્તારમાં મોબાઈલના ચીલઝડપની ઘટનાઓ વધી રહી હોવાનું ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

બનાવની વિગત એવી છે કે સુરતના ઓલપાડ બેઠક પરથી ભાજપના ધારાસભ્ય મુકેશ પટેલ મોર્નિંગ વોક પર નીકળ્યા હતા ત્યારે તેમની સાથે ચીલઝડપની ઘટના બની હતી. ધારાસભ્ય મોર્નિંગ વોક પર નીકળ્યા હતા ત્યારે બે શખ્સોએ તેમનો મોબાઈલ ઝૂટવી લેવાનો પ્રયાસ કર્યો હતો. શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં આ ઘટના બની હતી. મોટરસાઈકલ પર આવેલા બંને શખ્સોએ ધારાસભ્યનો મોબાઈલ ઝૂટવી લેવાનો પ્રયાસ કર્યો પરંતુ ધારાસભ્યએ મોબાઈલ પકડી રાખતા તેઓ જમીન પર પટકાયા હતા.ચીલઝડપના પ્રયાસ બાદ અન્ય વાહનો પર પીછો કરીને બંને શખ્સોને પકડી લેવામાં આવ્યા હતા. બાદમાં બંને આરોપીઓને પોલીસને સોંપી દેવામાં આવ્યા હતા. જમીન પર પટકાયા બાદ ધારાસભ્ય મુકેશ પટેલને સામાન્ય ઈજા પહોંચી છે.

બે મહિના પહેલા સુરતના વરાછા વિસ્તારમાં ઓલપાડના ધારાસભ્ય વિરુદ્ધ બેનરો લાગ્યા હતા. જેમાં લખવામાં આવ્યું હતું કે, 'ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ ખોવાયેલા છે.' મોટા વરાછાના સુદામા ચોકમાં ધારાસભ્ય વિરુદ્ધ બેનર લાગ્યું હતું. જેમાં લખવામાં આવ્યું હતું કે, ખોવાયેલ છે. અમારા ધારાસભ્ય. મુકેશ પટેલ (ઓલપાડ) ચૂંટણી જીત્યા બાદ ખોવાયેલ છે. અમારા મોટા વરાછા વિસ્તારમાંથી દરરોજ ૧૦ થી ૧૨ મોબાઈલની ચીલઝડપ થાય છે. એવા સમયે પણ અમારો નેતા જોવા ન મળે તો આવા નેતાનું આપણે શું કામ છે? મુકેશ પટેલના રાજમાં મોબાઈલ સ્નેચર્સનો રાફડો ફાટ્યો છે. અમારા ધારાસભ્યને જો અહીયા મોઢું પણ દેખાડવું ન હોય તો રાજીનામું આપો. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ કામરેજના ધારાસભ્યને અસામાજિક તત્વો દ્વારા છરી બતાવી ધમકી આપી હતી.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847